**આજનો સુવિચાર**

તકની એક ખાસિયત એ પણ છે કે તક આવે તેના કરતા તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૭૭ જૂનાગઢ તા.૦૮-૧૧-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 277, Junagadh : Date : 08 November, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# ખતરનાક પ્રદૂષણથી ગાઝીયાબાદમાં ત્રણનાં મોત : સરકાર સ્તબ્ધ

નવી દિલ્હી તા.૮ : પાટનગર દિલ્હીમાં પ્રદુષણનુ સ્તર વધુને વધુ ગંભીર અને ખતરનાક બની રહ્યું જ છે ત્યારે હવે ઝેરી હવા ઉતરપ્રદેશ સુધી પહોંચી ગઈ છે. યુપીનાં ગાઝીયાબાદ જેવા શહેરોમાં પ્રદુષણ ખતરનાક થતાં સ્કુલો બંધ કરવામાં આવી છે. પ્રદુષણથી ત્રણ લોકોના મોત નીપજતા ભારે ખળભળાટ મચી ગયો છે.પ્રદુષણ જીવલેણ બનવા લાગતા સરકાર પણ સ્તબ્ધ બની છે.

પાટનગર દિલ્હી તો છેલ્લા એકાદ મહિનાથી ખતરનાક પ્રદુષણ સામે ઝઝુમી જ રહ્યું છે. હવાની ગુણવતા નિયત કરતા પાંચ ગણી વધુ ઝેરી બની છે.આજે પણ હવાની ગુણવતામાં કોઈ રાહત કે સુધાર થયો ન હતો. કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં રીપોર્ટ પ્રમાણે આજે પણ દિલ્હીમાં પ્રદુષણ ગંભીર શ્રેણીમાં જ હતું અને મોટાભાગનાં વિસ્તારોમાં ૪૫૦ ને પાર હતું. આનંદ વિહારમાં એકયુઆઈ ૪૫૨, આરકે પુરમમાં ૪૩૩, ઓખલામાં ૪૨૬, પંજાબી બાગમાં ૪૬૦ તથા આઈટીઓમાં ૪૧૩ નોંધાયો હતો.

દિલ્હીમાં દક્ષિણ-પશ્ચીમ તથા ઉતર પૂર્વનાં પવન ૪ થી ૮ કીમીની ઝડપે ફુંકાયો હતો.પવનની દિશામાં બદલાવ તથા સુર્યપ્રકાશ નિકળવા છતાં પ્રદુષણમાં કોઈ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો ન હતો. પવનની દિશામાં ફરી બદલાવ થવાની આશંકાથી પ્રદુષણ વધુ ગંભીર થઈ શકે છે. મંગળવારે દિલ્હીનાં અર્ધોઅર્ધ ભાગોમાં પ્રદુષણનું સ્તર ૪૦૦ થી વધુ હતું. બીજી તરફ દિલ્હીનું આ ખતરનાક પ્રદુષણ હવે ઉતરપ્રદેશ સુધી પહોંચ્યુ હોય તેમ રાજયનાં અનેક ભાગોમાં હવા ઝેરી બની હતી. એટલુ જ નહિં ત્રણ લોકોનો ભોગ પણ લેવાયો હતો.

સતાવાર રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે ઉતરપ્રદેશનાં નોઈડા તથા ગાઝીયાબાદ ગંભીર પ્રદુષણની ઝપટે ચડયા છે. વહીવટી તંત્ર એલર્ટ બન્યુ છે. સ્કુલોમાં રજા જાહેર કરવાની સાથોસાથ પ્રદુષણ ઘટાડવાનાં પગલા શરૂ કરાયા છે. ગાઝીયાબાદમાં પ્રદુષણથી ત્રણ લોકોના મોત નીપજયાનુ જાહેર થયુ છે. ઝેરી હવામાં શ્વાસ લેવામાં તકલીફ સર્જાતા ત્રણ લોકો મોતને ભેટયા હોવાનું બહાર આવ્યુ છે.જોકે તેની સતાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. સુત્રોએ કહ્યું કે મોતને ભેટેલા ત્રણ વ્યકિતમાંથી એક મહિલાને કિડનીની બિમારી પણ હતી.

# રાજસ્થાનમાં અમિત શાહનો ચૂંટણી રથ હાઈટેન્શન વીજ વાયરને સ્પર્શી ગયો : ચમત્કારીક બચાવ



જયપુર તા. ૮

ગઈકાલે રાજસ્થાનમાં ચુંટણી પ્રચાર માટે ગયેલા કેન્દ્રીય ગૃહમંત્રી તથા ભાજપના નંબર ટુ નેતા અમીત શાહનો એક પાવર શોક સર્કીટ જેવી સ્થિતિમાં ચમત્કારીક બચાવ થયો હતો. અમિત શાહ કાલે રાજસ્થાનના પરબતસરના કોડોલીમાં જનસભાને સંબોધન કરવા જઈ રહ્યા હતા

તે સમયે તેઓ ચુંટણી માટે ખાસ તૈયાર કરાયેલા 'રથ' માં સવાર હતા અને લોકોનું અભિયાન ઝીલતા આગળ વધતા હતા. અમિત શાહ જે 'રથ' પર સવાર હતા તે 'રથ'ના એક ભાગ અહી પસાર થતી હાઈટેન્શન વિજલાઈનને અડી જતા જબરો સ્પાર્ક થયો અને તણખા ઝર્યા હતા પણ સદનસીબે તુર્તજ પાવર તુટીને એક બાજુ લટકી ગયો એ પણ નસીબદાર કે તાર ભીડ વચ્ચે જઈને પડયો નહી અને એક મોટી દુર્ઘટનામાંથી કેન્દ્રીય ગૃહમંત્રી તથા ભીડ ઉગરી ગયા હતા. આ ઘટના બાદ તુર્તજ અમિત શાહને 'રથ' માંથી ઉતારીને અન્ય વાહનમાં સભા સ્થળે લઈ જવાયા હતા

## સમાચાર રાઉન્ડઅપ

- મહિલાઓ સામેનાં વિવાદાસ્પદ નિવેદન અંગે નિતીશકુમારે હાથ જોડીને માફી માંગી
- યુપીનાં આરૈયા જીલ્લામાં હૃદય હચમચાવતી ઘટના : બહેનનાં મૃતદેહને પીઠ સાથે બાઈક પર બાંધીને ભાઈ ઘરે લઈ ગયો
- છેલ્લા ત્રણ દાયકામાં પ્રથમવાર ભાજપે રાજસ્થાનમાં હિન્દુત્વ કાર્ડ ઉતાર્યુ : એક પણ મુસ્લીમ ઉમેદવારને ટીકીટ આપી નહી

# તૃણમુલ કોંગ્રેસનાં રાષ્ટ્રીય સચિવ અભિષેક બેનર્જીને ઈડીનું સમન્સ

કોલકતા, તા. ૮ : આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના નેતાઓને ઈડીએ ઝપટમાં લીધા બાદ હવે વધુ એક વિપક્ષના નેતા ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીને ઝપટમાં લીધા છે અને આવતીકાલે પુછપરછ માટે હાજર થવા ફરમાન કર્યુ છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ના ભત્રીજા અને તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીની મુશ્કેલીઓ વધી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તેમને સમન્સ મોકલીને પૂછપરછ માટે બોલાવ્યા છે. ૯ નવેમ્બરે તેની પૂછપરછ કરવામાં આવશે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આ પૂછપરછમાં અભિષેક બેનર્જી સામેલ થશે. જોકે, હજુ સુધી તે જાણવા મળ્યું નથી કે તેમને કયા કેસમાં સમન્સ મોકલવામાં આવ્યું છે.

આ પહેલા પણ ઈડીએ અભિષેક બેનર્જીને નોટિસ મોકલી હતી.


**મહાયોગી વિરેચન ચૂર્ણ**
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફ્લોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

**હોટેલ ગ્રીનલેન્ડ**
HOTEL GREENLAND
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
ઠાકર થાળ
મલ્ટી ક્યુઝીન રેસ્ટોરન્ટ
સુવિધાઓ
● સોવેનીર શોપ
● બેન્કવેટ હોલ
● કોન્ફરન્સીંગ ફેસીલીટીઝ
● પાર્ટી લોન
ઠાકર થાળ - એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
• ગુજરાતી • પંજાબી • ચાઈનીઝ • સાઉથ ઈન્ડીયન • કાઠીયાવાડી
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

**ખોડલધામ ટુર**
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

**દિપાવલીની હાર્દિક શુભેચ્છા...**
Magnet
Shop No.1, Opp. Abhisek Complex, Nr. Pipaliyano Delo, M.G. Road, Junagadh
Mayur
Kid's & Family Wear
Execlusive Familywear Show Room
10 -11 & 19-20, Jenili Shopping Centre, M.G. Road, Junagadh

**ભારત સરકારની રાહત ભાવની ચણા દાળ**
"ભારત - દાલ"
૧ કિ.ગ્રા. પેકીંગ
ભાવ રૂા.૬૦/-
: સંપર્ક :
જીત કાનાબાર - ૯૬૬૪૫ ૦૫૧૨૦
કૌશિકભાઈ - ૮૯૮૦૦ ૦૭૫૭૧

**પવિત્ર અગીયારમી મહિના નિમિતે**
નાન ખટાઈ/બિસ્કીટ વ્યાજબી ભાવે મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...**
ગુજરાત આયુર્વેદીક
દરેક પ્રકારના રોગ માટેની આયુર્વેદીક દવા મળશે.
આયુર્વેદીક ઉપચાર માટે અવશ્ય મુલાકાત લો.
- સાંધાનો દુઃખાવો, સંધિવા, વા (ફક્ત ૧૦ દિવસમાં રિઝલ્ટ)
- વજન વધારો-ઘટાડો
- પથરીથી છુટકારો
- ડાયાબિટીસ (૪ અઠવાડીયામાં જડમુળ માંથી કંટ્રોલ)
- કબજીયાત, ગેસ-એસીડીટી
- નપુંસકતા, શિધ્રપતન, શુક્રાણુ સમસ્યા

ZANDU Baidyanath Himalaya Hamdard
શોપ નં-૪/બી, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, ચિત્તાખાના ચોક, જુનાગઢ-૩૬૨૦૦૧
95862 50898

**અધ્યતન બંગલો વેચવાનો છે**
બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જાળી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉત્તરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અધ્યતન બંગલો વેચવાનો છે.
દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.
મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫

**દિપાવલીની હાર્દિક શુભેચ્છા...**
Smiit INTERNATIONAL
સ્મિત ઈન્ટરનેશનલ
એગ્રી કોમોડીટીઝ ટ્રેડ બ્રોકર્સ
શૈલેષ નથવાણી
મો. +૯૧-૯૮૨૫૨ ૮૮૯૫૪ / ૯૪૨૮૭ ૦૨૩૪૧
E-mail: shailesh@smiitint.com
કલ્પેશ હિન્ડોચા
મો.+૯૧-૯૮૨૫૫ ૦૭૨૬૫ / ૯૬૬૨૪ ૫૯૯૯૯
E-mail: kalpesh@smiitint.com
સ્મિત નથવાણી
મો.+૯૧-૭૨૦૨૦ ૨૦૨૨૧
E-mail: smit@smiitint.com
સ્મિત ઈન્ટરનેશનલ
૪૦૧-૪૦૪, સેવન સીસ કોમ્પ્લેક્ષ, રાધાકૃષ્ણ નગર, મોતીબાગ - વંથલી રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧ (ગુજ.) ભારત
+૯૧-૦૨૮૫-૨૬૭૦૪૬૮/૨૬૭૦૪૬૯/૨૬૭૦૪૭૦

**દિવાળીની હાર્દિક શુભેચ્છા....**
બીરજુભાઈ અગ્રવાલ મો. ૯૯૨૫૩ ૩૪૨૦૨
પીયુષ (સોનુ) અગ્રવાલ મો. ૯૯૦૯૪ ૬૦૯૧૨
મનીષ અગ્રવાલ
વ્રજ નોવેલ્ટી સ્ટોર
બંગડી, કટલેરી, હોઝીયરીનાં જથ્થાબંધ વેપારી
૧૦, ન્યુ રઘુનાથ ચેમ્બર્સ, હવેલી ગલી, માંગનાથ રોડ, જૂનાગઢ

**દિપાવલીની હાર્દિક શુભેચ્છા....**
એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ
ડૉ. નિકુંજ ઠુંમર - જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન - +૯૧ ૯૦૯૯૮૮૯૬૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા - જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન - +૯૧ ૯૦૯૯૮૯૮૬૧૦
માતૃત્વ વુમન્સ હૉસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

**ત્રણ માળનું મકાન વેચવાનું છે**
જૂનાગઢનાં દાણાપીઠ વિસ્તારમાં, વાદી ખડકીમાં ૭ રૂમ વાળું, સારી કન્ડીશનમાં, તદ્દન વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે
મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
૭૯૮૪૮ ૦૫૭૯૧

**"2023 ભારત સરકાર દ્વારા નવા નિયમ મુજબ"**
CNG સિલિન્ડરનું રીટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર ફરજીયાત આવવું પડશે કેમ કે ?..
એ. એસ. ઓટો ગેસ
(સરકાર માન્ય (PESO) ટેસ્ટીંગ પ્લાન્ટ)
ખામધ્રોળ ચોકડી, ટોરેન્ટ CNG પંપની બાજુમાં, જુનાગઢ
(૧) ટેસ્ટીંગ પ્લાન્ટ ઉપર ગાડી નંબર પ્લેટ ફોટો સ્ટાફ સાથે પડશે
(૨) સિલિન્ડરનો ફોટો સ્ટાફ સાથે પડશે ઉપરોકત બન્ને ફોટા આપના સર્ટીફીકેટમાં આવશે.
જેમ "P.U.C." માટે સ્ટેશન ઉપર જવુ પડે તેમ ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવવું ફરજીયાત છે.
ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવો સમય - રૂપિયાની બચત કરો
A. S. AUTO GAS
96383 23542 / 98984 48644

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


CMYK

# ચાલો... નૂતન વર્ષે રામરાજ્યના સાક્ષી બનીએ



અયોધ્યામાં ભગવાન શ્રીરામચંદ્ર ભવ્ય મંદિરમાં બિરાજમાન થવાના છે ત્યારે સાચા અર્થમાં આ દિવાળી એ આપણે સૌ રામરાજ્યના સાક્ષી બનીશું. ૨૧મી સદી અને એમાં પણ વર્ષ ૨૦૨૩માં ભારત અને દુનિયાએ ઘણું બધું જોયું છે ત્યારે મારી દ્રષ્ટિએ આ વર્ષ ભારત માટે ખૂબ યશકલગી સમાન બન્યું છે. આવનારૂ વર્ષ તો એના કરતાં પણ વધારે જ્વલંત સફળતાવાળુ બનવાનું છે. ભારતની આઝાદી બાદ પહેલી વખત દેશમાં જી૨૦ સમિટ થયું. વિશ્વના સૌથી વિકસિત દેશોના નેતાઓ આપણા મહેમાન બન્યા. આ કઈ નાની સુની વાત નથી. દરેક ભારતીયો માટે ગૌરવવંતી વાત છે. વિશ્વની મહાસત્તાઓ ભારતીય સંસ્કૃતિથી વાકેફ થઈ. ભારતના લોકો અને ભારતની મહાન અને આદર્શ પરંપરાઓથી માહિતગાર થયા. આજે વિશ્વના દરેક દેશોમાં ભારતીયોનો ડંકો વાગી રહ્યો છે. એક સમયે આપણા ઉપર શાસન કરનારા ઈંગ્લેન્ડ દેશમાં પણ રાષ્ટ્રપ્રમુખ તરીકે રુષિ સુનક એ ભારતીય સંસ્કૃતિ અને હિંદુત્વનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તો બીજી તરફ આ વર્ષે બહુ બધા ઓલિમ્પિક ગોલ્ડ મેડલ ભારતના રમતવીરો જીતીને લાવ્યા છે. અહીં કહેવાનો ઉપક્રમ છે કે, વિશ્વમાં ભારત જુદા જુદા ક્ષેત્રોમાં મહાસત્તા તરીકે પોતાનું પગરવ જમાવી રહ્યું છે. આયાત નીકાસની વાત હોય કે પછી બીજી કોઈ પણ વાત.. ભારત વધુને વધુ આત્મનિર્ભર બનતું જાય છે. અને ભારતીયો પોતાની બુદ્ધિ, ચતુરાઈ, આવડત અને આધ્યાત્મિક ક્ષમતાઓને વિકસાવી રહ્યું છે. ત્યારે ચાલો આપણે સૌ સાથે મળી આવનારા વર્ષને પણ વધાવીએ અને સાચા અર્થમાં વર્ષ ૨૦૨૪માં રામરાજ્યના સાક્ષી બનીએ. આ વાત કહેતા મને ખૂબ ગૌરવ થાય છે કે, છેલ્લા ઘણા વર્ષોથી રાઘવેન્દ્ર સરકાર પોતાના મંદિરથી દૂર હતા અને સાચા અર્થમાં જ્યાં રામલલ્લાનો જન્મ થયો છે તે જ પવિત્ર જગ્યા ઉપર ભવ્ય અને દિવ્ય મંદિરનું મહાનિર્માણ થઈ રહ્યું છે. આવનારા જાન્યુઆરી ૨૦૨૪ માં સમગ્ર દેશ સાચા અર્થમાં ખુબ ભક્તિભાવ સાથે ભગવાન શ્રીરામચંદ્રની ભવ્ય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરી દિવાળી અને નવા વર્ષની ખૂબ શાનદાર રીતે ઉજવણી કરશે. અને રામલલાના આગમનના વધામણા કરશે આ દિવ્ય ક્ષણ ૧૦૦ કરોડ ભારતીય નાગરિકોની મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા, વિશ્વાસ અને આસ્થાનો દિગંતમાં જય જયકાર કરાવશે. આમ તો ઈતિહાસમાં જોઈએ તો જે તે સમયે ૧૪ વર્ષના વનવાસ પછી ભગવાન શ્રીરામ અયોધ્યા પધાર્યા એ દિવસને દિવાળીનો દિવસ તરીકે ઊજવવામાં આવે છે. સમગ્ર ભારત અને ભાવિક ભક્તો સાચા અર્થમાં જ્યારે ભગવાન શ્રીરામલલ્લા અયોધ્યાની ગાદી ઉપર જાન્યુઆરી મહિનામાં બિરાજમાન થશે એટલે કે નૂતન મંદિરમાં સાક્ષાત્ પ્રતિષ્ઠિત થશે ત્યારે જ સાચા અર્થમાં ભક્તોની દિવાળીની ઉજવણી થશે. વિશ્વની સમક્ષ ભારતે અનેક ક્ષેત્રોની અંદર ખૂબ પ્રગતિ સાધી છે. એ ચંદ્રયાન-૩ હોય કે પછી જી૨૦ હોય, આપણે સૌ ચંદ્રયાન-૩ ના સાક્ષી બન્યા છીએ. આવનારા સમયમાં ભારત વિજ્ઞાન અને ટેકનોલોજીની અંદર પણ શિરમોર નામ કરી રહ્યું છે. ભારતના ઉદ્યોગપતિઓ વિવિધ ક્ષેત્રોમાં પોતાની કુશળતાનું પ્રદર્શન કરી રહ્યા છે. વિશ્વની સર્વોચ્ચ કંપનીઓના સીઈઓ તરીકે પણ ભારતીય લોકો પોતાની સેવા આપી રહ્યા છે. મને લાગે છે કે, વર્ષ ૨૦૨૩ આપણા સૌ માટે ખૂબ ગૌરવભર્યું હતું. આ વર્ષે ભારતને ખૂબ યશસ્વીતા અને કીર્તિ પ્રદાન કર્યા છે. આવનારા દિવસો પણ ઈશ્વરની કૃપાથી, ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની કૃપાથી સૌ ભારતીયો માટે ખૂબ જ ગૌરવવંતુ-ભાગ્યવંતું બનશે. કોરોના જેવી મહામારીને બાદ કરતાં આજે ભારત વિવિધ ક્ષેત્રોમાં પોતાના નાગરિકોને સર્વોચ્ચ સુવિધા આપવામાં સફળ રહ્યું છે. આજે ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ પોતાની પાસે રહેલી સરકારી સુવિધાઓથી મફતમાં પોતાનુ આરોગ્ય સાચવી શકે છે. વિવિધ યોજનાઓ થકી હવે કોઈપણ ગામડાના માતા-પિતા કે કોઈ વૃદ્ધ લોકો રોગથી પીડાતા નથી. દરેકને સંતોષકારક સારવાર મળી રહે છે. જ્યારે પડોશી રાષ્ટ્રમાં ખાવા માટે ઘઉંના પણ ફાફા પડતા હોય ત્યારે આખા વિશ્વની અંદર જ્યારે મંદી ભરડો લઈ ગઈ હોય ત્યારે ભારતની અંદર આપણા કુશળ શાસકો દ્વારા અને ભારતીય લોકોના મક્કમ મનોબળ દ્વારા આપણે ખૂબ પ્રગતિ કરી રહ્યા છે. આ નૂતન વર્ષે પરમપિતા પરમાત્માને પ્રાર્થના કરીએ કે, બસ આવી જ રીતે આ ભારત માતાની સેવા કરતા દરેક વીર લોકો, ભારતમાતાના સેવકો એવા દરેક નાગરિકોના જીવનમાં ખૂબ ખૂબ પ્રકાશ પથરાય, સર્વત્ર સૌ સુખ, સમૃદ્ધિ, શાંતિ પૂર્વક પોતાના રાષ્ટ્ર માટે કામ કરી શકે એવી આપણને સૌને ઈશ્વર શક્તિ અને પ્રેરણા આપે. બળ, બુદ્ધિ, વિદ્યા અને ધન આપે કે જેના થકી આપણે સાચા અર્થમાં હિન્દુ રાષ્ટ્ર તરીકે "વસુધૈવ કુટુંબકમ્" સૂત્રને સાકાર કરી શકીએ. ફરી ફરી સૌને નૂતન વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છું. ચાલો સૌ સાથે મળીને ભગવાન શ્રીરામના મંદિરના ઉત્સવને ખરા અર્થમાં નવા વર્ષની ઉજવણીરૂપે ઉજવીએ.

- શાસ્ત્રી જયસ્વરૂપદાસ ગુરૂકુલ, અંકલેશ્વર

## જૂનાગઢની જીએમઇઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના બ્લડ બેંક વિભાગમાં તા.૭, ૮ અને ૯ એમ ત્રિદિવસીય રક્તદાન કેમ્પનું કરાયેલું આયોજન





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ વિભાગના બ્લડ બેંકના ઈન્ચાર્જ ડો. ભાવિન પઢારિયાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, અત્રેની હોસ્પિટલમાં રક્તની અછતના કારણે દર્દીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેવા હેતુસર તારીખ ૭, ૮ અને ૯-૧૧-૨૩ એમ ત્રિદિવસીય રક્તદાન કેમ્પનું સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક વિભાગમાં ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમય સવારે ૯ થી રાત્રિના ૮ વાગ્યા સુધીનો છે. જે લોકો પોતાનું રક્તનું દાન કરવા માંગતા હોય તેવા તમામ રક્તદાતાઓને સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. આ કેમ્પમાં પ્રથમ દિવસે જૂનાગઢ જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સુપ્રીટેન્ડન ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટે પોતાનું રક્તદાન કરીને પ્રેરણા સ્રોત બન્યા હતા. સિક્યુરિટી ગાર્ડ સહિત હોસ્પિટલના અન્ય વર્ગ-૪ના કર્મચારીઓએ પણ પોતાનું રક્તનુ દાન કરીને માનવજીવન બચાવમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપેલું છે. જૂનાગઢની વિવિધ સેવાભાવી સંસ્થાઓ જેવી કે સર્વોદય બ્લડ બેંક, આરએસએસ, સત્યમ સેવા યુવક મંડળ સહિત સંસ્થાઓ દ્વારા લોકોને રક્તદાન કરવા અંગે જાગૃત કરવાના પ્રયાસો કરી રહી છે. હોસ્પિટલ વિભાગના કર્મચારીઓ દ્વારા ૩૦ જેટલી રક્તની બોટલ અને ગિરનારી ગ્રુપના સભ્યો દ્વારા છેલ્લા ૪૮ કલાકમાં ૨૩ જેટલી રક્તની બોટલ એકત્રિત કરણ કરી આપવામાં આપી છે. તે બદલ બધા જનો આભાર વ્યક્ત કરી આ ત્રીદિવસીય કેમ્પમાં વધુમાં વધુ લોકો રક્તદાન કરે તેમ યાદીના અંતે જણાવેલ હતું.

## વિસાવદર તાલુકાના વેકરીયા ગામે બંધ મકાનનું તાળું તોડી ૧.૬૦ લાખની રોકડની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ નજીકના વિસાવદર તાલુકાના વેકરીયા ગામે ધોળા દિવસે શ્રમિકના બંધ મકાનનું તાળું તોડી ૧.૬૦ લાખની રોકડની ચોરી કરીને નાસી ગયા હતા. આ ચોરીમાં જાણભેદુનો હાથ હોવાની શંકા સેવાઈ રહી છે. આ અંગે પોલીસમાંથી મળતી વિગત અનુસાર વેકરીયા ગામે જુનાવાસ પાસે રહેતા જયસુખભાઈ સોમાભાઈ મકવાણા તથા તેમના પત્ની જાગૃતિબેન અને માતા જયાબેન ૬ નવેમ્બરની સવારે ૭ વાગ્યે મકાનને તાળું લગાવીને ગામની સીમમાં ખેત મજૂરી કામે ગયા હતા. અને સાંજે ૬ વાગ્યે પરત આવ્યાં હતા. આમ ૧૧ કલાક બંધ રહેલા જયસુખભાઈ મકવાણાના મકાનનું તાળું તોડીને ઘરમાં રહેલ પટારામાંથી તસ્કરો રૂપિયા ૧.૬૦ લાખની રોકડ રકમનો હાથફેરો કરીને ફરાર થઈ ગયા હતા. આ અંગે મંગળવારે શ્રમિકે ફરિયાદ નોંધાવતાં વિસાવદર પોલીસે તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. આ ચોરીમાં જાણભેદુનો હાથ હોવાની શંકા સેવાઈ રહી છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતેથી ૧૭ જિલ્લામાં નવા ૧૫૫ ભોજન વિતરણ કેન્દ્રોનો કરાવશે શુભારંભ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તા.૧૦મી નવેમ્બરના રોજ અમદાવાદ ખાતેથી સમગ્ર રાજયમાં શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત નવા ૧૫૫ ભોજન વિતરણ કેન્દ્રોનો શુભારંભ કરાવશે. વિવિધ કડીયાનાકા ખાતે શરૂ થનારા આ ભોજન વિતરણ કેન્દ્રો ખાતેથી બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારોને વ્યક્તિ દીઠ માત્ર પાંચ રૂપિયામાં પૌષ્ટિક ભોજન પૂરૂ પાડવામાં આવશે. આ સ્થાયી કેન્દ્રો ઉપરાંત જે બાંધકામ સાઈટ ઉપર ૫૦થી વધુ શ્રમિકો આ યોજનાનો લાભ મેળવવા માગતા હોય તેમને ડોરસ્ટેપ ડિલિવરીની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આગામી તા. ૧૦મી નવેમ્બરે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અમદાવાદમાં ૪૯, સુરતમાં ૨૨, ગાંધીનગરમાં ૮, વડોદરામાં ૯, ભાવનગરમાં ૨, જામનગરમાં ૧૦, ભરૂચમાં ૩, મહેસાણા અને રાજકોટમાં ૫-૫, ખેડા, આણંદ, વલસાડ અને સાબરકાંઠામાં ૪-૪, પાટણ અને બનાસકાંઠામાં ૭-૭, નવસારી અને મોરબીમાં ૬-૬ કડીયાનાકા મળી કુલ ૧૭ જિલ્લામાં નવા ૧૫૫ ભોજન વિતરણ કેન્દ્રોનો શુભારંભ થશે, જેનો દરરોજ ૭૫ હજારથી વધુ શ્રમિકોને લાભ મળશે. રાજ્યમાં અત્યારે ૧૦ જિલ્લાના કુલ ૧૧૮ કડીયાનાકા ખાતે ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. છેલ્લા એક વર્ષમાં આ ભોજન વિતરણ કેન્દ્રો ખાતેથી ૫૫ લાખથી પણ વધારે ભોજન વિતરણ થયું છે. અહીંથી સરેરાશે દરરોજ ૨૭ હજાર કરતાં વધારે ભોજન વિતરણ થાય છે. જે માટે વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ માં કુલ રૂા.૨૫૦૨ લાખ કરતાં વધારેનો ખર્ચ થયો છે. ત્યારે હવે નવા ૧૫૫ ભોજન વિતરણ કેન્દ્રોનો શુભારંભ થતા રાજ્યમાં કુલ ૨૭૩ કડીયાનાકાઓ ખાતેથી શ્રમિક પરિવારને પાંચ રૂપિયામાં પૌષ્ટિક ભોજનનો લાભ મળશે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ ઝડપી પહોંચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ૬.૯૪ લાખ બાંધકામ શ્રમિકોને ઈ-નિર્માણ કાર્ડ આપવામાં આવ્યા છે, જેમાં આરોગ્ય, રહેઠાણ, શિક્ષણ, પરિવહન તથા સામાજિક સુરક્ષા સંબંધિત ૧૭ યોજનાઓ કાર્યરત છે. શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ પણ ઈ-નિર્માણ કાર્ડ ધારક શ્રમિકોને આપવામાં આવે છે. ભોજન વિતરણ કેન્દ્રો ખાતે શ્રમિકના ઈ-નિર્માણ કાર્ડ ઉપર દર્શાવેલા ઈ-નિર્માણ નંબર અથવા ક્યુ.આર. કોડ સ્કેન કરી ભોજન આપવામ આવે છે. ત્યાં શ્રમિકને એક સમયનું ભોજન વધુમાં વધુ ૬ વ્યક્તિની મર્યાદામાં આપવામાં આવે છે. જે લાભાર્થીઓ પાસે ઈ-નિર્માણ કાર્ડ ના હોય, તેવા બાંધકામ શ્રમિકોની બુથ ઉપર જ હંગામી નોંધણી થાય છે અને તેના આધારે ૧૫ દિવસ સુધી ભોજન આપવામાં આવે છે. ત્યારબાદ ઈ-નિર્માણ કાર્ડ ઈશ્યુ થયેથી તે કાર્ડના આધારે શ્રમિક ભોજન મેળવી શકે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત શ્રમિક તથા તેના પરિવારને માત્ર પાંચ રૂપિયામાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણુ, મરચા અને ગોળ સહિતનું પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે. વધુમાં સપ્તાહમાં એક વાર સુખડી જેવા મિષ્ટાન્નનો પણ સમાવેશ કરવામાં આવે છે.

### :: અવસાન નોંધ ::


માણાવદર : માલદેભાઈ ધરનાતભાઈ મારૂ (ઉ.વ. ૬૫)નું તા. ૭-૧૧-૨૩ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું આર્કે પાર્ક સોસાયટી, માણાવદર ખાતે રાખેલ છે. તેમજ ચૌટા ગામે તા. ૯-૧૧-૨૩ એક દિવસ માટે રાખેલ છે.

## ઝેરી દવા પીતા મૃત્યું

જૂનાગઢ તા. ૮

ભેંસાણના ખંભાળીયા ગામના અશોકભાઈ અરજણભાઈ હરખાણી (ઉ.વ.૪૪)ને કીડની-લીવરની બિમારી હોય અને અગાઉ પગમાં કેન્સરની ગાંઠ હોય જેનું ઓપરેશન કરાવેલ હોય તેની બિમારીના દુ:ખાવાના કારણે ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું થયું છે.

## પરબતભાઈ લક્ષ્મણભાઈ કડવા પટેલ સમાજના પ્રમુખ તરીકે વરણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ જિલ્લા પ્રાથમિકશિક્ષક સંઘ તેમજ માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા તાજેતરમાં વરાયેલ પરબતભાઈ લક્ષ્મણભાઈ કડવાપટેલ સમાજના પ્રમુખની જવાબદારી મુકુંદભાઈ હિરપરાને મળતા તેમને સન્માનિત કરેલ હતા તેમ યાદીમાં જણાવેલ છે.

### સમસ્ત સુન્ની સંધી મુસ્લીમ યુવા સમાજ દ્વારા

## જૂનાગઢમાં સીએસી કોમ્પ્યુટર ઓનલાઈન ઓફીસનો પ્રારંભ






જૂનાગઢ તા.૮

સમસ્ત સુન્ની સંધી મુસ્લિમ યુવા સમાજ જૂનાગઢ જીલ્લા તરફથી જુનાગઢ શહેરમાં ખ્વાજાનગર તથા સંધી પરા વિસ્તારમાં સીએસી કોમ્પ્યુટર ઓનલાઈન ઓફીસનું ઉદઘાટન જનાબ સૈયદ સાદાત મુનાબાપુ તથા મસ્જીદના ઈમામ સૈયદ સાદાત જનાબ મટારી બાપુના શુભ હસ્તે સીએસી કોમ્પ્યુટર ઓનલાઈન ઓફીસનું રીબીન કાપીને શુભારંભ કરવા આવ્યું હતું આ પ્રસંગે સમાજના આગેવાનો જનાબ તૈયબભાઈ સેતા, જાફરભાઈ સેતા, મુનાબાપુ, બટુકભાઈ મકવાણા, જીસાનભાઈ હાલેપોત્રા, મટારીબાપુ, કારાભાઈ ચકુભાઈ ઠેબા, સુન્ની સીંધી મુસ્લીમ યુવા સમાજના પ્રમુખ અમીનભાઈ મહંમદભાઈ સીડા, હબીબભાઈ સાંધ, ઈબ્રાહિમભાઈ સમા, મહંમદભાઈ સીડા, એરિયા પ્રમુખ સમીર તૈયબ ભાઈ સમા, મુસાભાઈ વિસળ, સરફરાઝભાઈ જુણેજા, નુરભાઈ ઠેબા, મહમદભાઈ ઠેબા, હારૂનભાઈ આમદભાઈ સમા, અમીન ઈબ્રાહિમભાઈ હીગોરજા, તૈયબભાઈ સમા, સદામ જોખીયા, યુનુસ ઈબ્રાહિમભાઈ સમા, અયાઝ ખેભર, આદિલ સમા સહિત અન્ય આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત સુન્ની સંધી મુસ્લિમ યુવા સમાજ જૂનાગઢ જીલ્લાના કાર્યકર્તા હાજી હાજીભાઈ ઠેબાએ તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ખંભાળિયામાં આયુર્વેદિક સીરપની આડમાં નશાકારક પીણું વેચતા શખ્સોના જામીન નામંજૂર

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

ખંભાળિયા શહેર નજીક તાજેતરમાં સ્થાનિક પોલીસે કરેલી સઘન કાર્યવાહીમાં કેટલાક શખ્સો દ્વારા આલ્કોહોલયુક્ત નશાકારક પીણાંને આયુર્વેદિક સીરપ ગણાવીને વેચાણ કરતું હોવાનું સિલસિલા બંધ રેકેટ ઝડપી પાડ્યું હતું. આ પ્રકરણમાં ઝડપાયેલા આરોપીઓની જામીન અરજી ખંભાળિયાની સેશન્સ અદાલતે ફગાવી દીધી છે. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ આજથી આશરે ત્રણેક માસ પૂર્વે ખંભાળિયા શહેરમાં આઈસર વાહનમાંથી અહીંની પોલીસે ૪,૦૦૦ જેટલી બોટલ આયુર્વેદિક સીરપનો જથ્થો કબ્જે કર્યો હતો. આ અંગેની ઊંડાણપૂર્વકની તપાસમાં અમદાવાદ સ્થિત આ પ્રકારની સીરપની આખી ફેક્ટરી મળી આવી હતી. આ સમગ્ર પ્રકરણમાં પોલીસે ૭,૦૦૦ કરતાં વધુ આલ્કોહોલ યુક્ત સીરપની બોટલ મળી, કુલ રૂપિયા ૨૧.૮૮ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તથા ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિના સીધા માર્ગદર્શન હેઠળ આ સમગ્ર પ્રકરણની તપાસ અહીંના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી દ્વારા કરવામાં આવી હતી જેમાં આ સીરપ લોકોના સ્વાસ્થ્યને હાનિકર્તા એવા આલ્કોહોલથી બનેલું હોવાનું ખુલતા પોલીસે આ પ્રકરણમાં અમદાવાદ ખાતે રહેતા ભરત ચનાભાઈ નકુમ, જામનગરમાં રહેતા સિધ્ધરાજસિંહ વનરાજસિંહ ઝાલા તેમજ અહીંના વેપારી ચિરાગ લીલાધરભાઈ થોભાણી સામે ગુજરાત નસબંધી અધિનિયમ તેમજ આઈ.પી.સી. કલમ ૧૨૦ (બી) સહિતની ગંભીર કલમ હેઠળ ગુનો દાખલ કરી, આ શખ્સો સામે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. આરોપીઓ દ્વારા અહીંની સેશન્સ અદાલતમાં જામીન મુક્ત થવા માટેની અરજી કરવામાં આવતા આ પ્રકરણમાં અહીંના સરકારી વકીલ કમલેશભાઈ સી. દવેની ધારદાર દલીલો સાથે ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ.જોશી દ્વારા રજૂ કરવામાં આવેલા સાધનીક પુરાવાઓ સાથે વચ્ચે આ શખ્સો દ્વારા આયુર્વેદિક સીરપની આડમાં નશાકારક પીણું વેંચવામાં આવતા મોટી સંખ્યામાં લોકોના સ્વાસ્થ્યને ગંભીર હાની પહોંચી શકે છે તે અંગેની બાબતો રજૂ કરતા પ્રિન્સિપાલ એન્ડ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ એસ.વી. વ્યાસ દ્વારા ઉપરોક્ત આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી દેવામાં આવી હતી.

## જૂનાગઢમાં બાઈક અડાડી દેતા છરી વડે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢમાં બાઈક અડાડી દેવાના બનાવમાં છરી વડે હુમલો થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર દાણાપીઠ સોસાયટીની ત્રીજી શેરીમાં બનેલા બનાવ અંગે સુજલભાઈ પરેશભાઈ ઉર્ફે પરબતભાઈ કોડીયાતર (ઉ.વ.૨૦) રહે.આકાશગંગા-૨ સોસાયટી, મધુરમ, જૂનાગઢ વાળાએ ૨૦થી ૨૫ વર્ષના અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરિયાદીના મિત્ર નિર્મલના બાઈક સાથે પોતાનું બાઈક અડાડી દેતા બોલાચાલી થયેલ જેનું મનદુ:ખ રાખી આરોપીએ બીજી વખત જૂનાગઢમાં દાણાપીઠ સોસાયટી શેરી નં-૩માં ફરિયાદી તથા તેના મિત્ર નિર્મલને જાહેરમાં ગાળો બોલી ફરિયાદીને શરીરમાં બંગલના નીચેના ભાગે છરીનો એક ઘા મારી જીલ્લા મેજી. જૂનાગઢના બહાર પાડેલા હથિયારબંદી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયામાં રઘુવંશી સદગૃહસ્થોને અનાજની કીટનું વિતરણ કરાયું

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૮



ખંભાળિયામાં દીપોત્સવ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ અહીંની જાણીતી સેવાભાવી સંસ્થા શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહ દ્વારા રઘુવંશી જ્ઞાતિના ૧૦૦ એટલા જરૂરિયાતમંદ પરિવારોને ખાદ્ય ચીજ વસ્તુઓ સાથેની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાળિયા પંથકના રઘુવંશી જ્ઞાતિના ખૂબ જ ઓછી આવક ધરાવતા પરિવારોને જલારામ અન્નપૂર્ણા ગૃહ દ્વારા ખાસ પરમિટ બનાવી આપવામાં આવી છે. છેલ્લે આશરે ૪૧ વર્ષથી અનાજ સહિતની ચીજ વસ્તુઓનું વિતરણ કરાય છે. વર્ષ ૧૯૮૨ થી અવિરત રીતે ચાલતા આ સેવા યજ્ઞમાં અહીંના વયોવૃદ્ધ દાતા સદગૃહસ્થ મૂળજીભાઈ વલ્લભદાસ પાબારી એક અડીખમ આધારસ્તંભ બની રહ્યા છે. તેમના દ્વારા અનાજ વિતરણનો ખર્ચ આપવામાં આવે છે. તાજેતરમાં શ્રાવણ માસ નિમિત્તે રઘુવંશી પરિવારોને પણ મીઠાઈ, ફરસાણ સાથેની કીટ બાદ આગામી દીપોત્સવી પર્વને અનુલક્ષીને મૂળજીભાઈ વલ્લભદાસ પાબારી દ્વારા રઘુવંશી જ્ઞાતિના જરૂરિયાતમંદ પરિવારોને અનાજની ચીજ-વસ્તુઓ સાથેની કીટ આપવામાં આવી હતી. આ માટેની વિતરણ વ્યવસ્થા પીઢ અને સેવાભાવી રઘુવંશી અગ્રણી મહેન્દ્રભાઈ કાનાણી, નિખિલભાઈ કાનાણી, અશોકભાઈ દાવડા અને નીશિલભાઈ કાનાણી દ્વારા સુવ્યવસ્થિત રીતે સંભાળવામાં આવી હતી.

# આગામી તા. ૨૩ નવેમ્બરથી ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ

## કલેકટર અનિલ રાણા વસિયા અધ્યક્ષ સ્થાને ગિરનારની પરિક્રમાની કામગીરી સાથે જોડાયેલા વિભાગો કચેરીઓના વડાની મીટીંગ યોજાઈ : પરિક્રમામાં બસ સ્ટેશનથી ભવનાથ સુધી ૫૦ મીની બસ મુકાશે



જૂનાગઢ, તા.૮

ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ આગામી તા. ૨૩ નવેમ્બર એટલે કે કારતક સુદ અગિયારસથી થઈ રહ્યો છે. આગામી તા. ૨૭ નવેમ્બર સુધી લાખો યાત્રાળુ ગિરનારની પરિક્રમા કરશે તે સંદર્ભે આજે જુનાગઢ કલેકટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને પરિક્રમાની કામગીરી સાથે જોડાયેલા અધિકારી અને વિવિધ કચેરીના વડાઓની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ખાસ કરીને વન વિભાગ, પોલીસ વિભાગ, મહાનગરપાલિકા, આરોગ્ય, પરિવહન સહિત મુખ્ય વિભાગોએ કરેલી તૈયારી અને આગામી દિવસોમાં કરવાની થતી વિશેષ કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવનાર પરિક્રમાથીઓ માટે એસટી વિભાગ ૧૫૦ એકેસ્ટ્રા બસ આ પરિક્રમા દરમ્યાન દોડાવશે. જ્યારે જૂનાગઢના બસ સ્ટેશનથી ભવનાથ સુધી ૫૦ મીની બસ મૂકવામાં આવશે.

બીપી હાઈપર ટેન્શન અને હૃદય રોગના દર્દીઓએ ગિરનારની ટેકરીઓનું ચઢાણ કરવું હિતાવહ નથી. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય તંત્ર આરોગ્ય કર્મચારી અને અન્ય ફરજ પરના કર્મચારીઓને સીપીઆર ની તાલીમ આપવા કલેકટર શ્રી એ માર્ગદર્શન આપ્યું હતું. પરિક્રમા દરમ્યાન પાર્કિંગની વ્યવસ્થા, જાહેરનામાની અમલવારી, પીવાના પાણીની વ્યવસ્થા, અખાદ્ય પદાર્થોનું વેચાણ ન થાય તેમજ પરિક્રમામાં આવતા યાત્રાળુઓ જુનાગઢના જોવાલાયક અને તીર્થ સ્થળોએ પણ મુલાકાત લેતા હોય ત્યાં જરૂરી બંદોબસ્ત અને વ્યવસ્થાઓ જળવાઈ રહે તે માટે સુચના આપવામાં આવી હતી.

પરિક્રમાના રૂટ ઉપર તેમજ ભવનાથ વિસ્તારમાં કામ ચલાવ હંગામી દવાખાના પણ ઊભા કરવામાં આવશે. એક આઈસીયુ અને બે એમ્બ્યુલન્સ રાખવામાં આવશે. આજના બનાવ બને તો તાત્કાલિક આ કાબોમાં આવે તે માટે ફાયર ફાઈટર તેમજ બંધ વાહનને કારણે ટ્રાફિક નિયંત્રણ થાય તે માટે ક્રેઈન પણ મૂકવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, નાયક વન સંરક્ષક અક્ષય જોશી, ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક ઠક્કર, નિવાસી અધિક કલેકટર પી. જી. પટેલ, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા સહિત આરોગ્ય, પાણી પુરવઠા, પીજીવીસીએલ કોર્પોરેશન સહિતના વિભાગના સબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**યાત્રાળુઓએ વહેલી પરિક્રમા કરવી નહીં : વન્ય પ્રાણીઓના હુમલાનું જોખમ રહેલું છે**

કેટલાક યાત્રિકો વહેલી પરિક્રમા શરૂ કરી દે છે આજની મિટિંગમાં વહેલી પરિક્રમા કરવી હિતાવવા નથી તે બાબતે વન વિભાગ દ્વારા માર્ગદર્શિકા આપવામાં આવી હતી. યાત્રિક રૂટ ભૂલી જાય એવી સ્થિતિમાં યાત્રિક પર વન્ય પ્રાણી હુમલો કરી શકે છે. અગાઉ પણ આ પ્રકારના બનાવ બનેલ હોય નિયત તારીખ સમય મુજબ પરિક્રમા કરવા અને બહુ વહેલાસર પરિક્રમા કરવા ન આવવા જણાવ્યું હતું.

### વોકીંગ કલબ જૂનાગઢ દ્વારા આગામી તા.૧૭ ડિસેમ્બરે

## જૂનાગઢથી તુલસીશ્યામ સુધીની સાયકલ યાત્રાનું આયોજન




જૂનાગઢ, તા.૮

મહાનગર જૂનાગઢની જાણીતી વોકિંગ ક્લબ દ્વારા વર્ષ ૨૦૨૧ની કોરોના રસીકરણ જાગૃતિ અંગેની જૂનાગઢ થી સોમનાથ મહાદેવ સુધીની ૧૨૦ કિલોમીટરની તથા વર્ષ ૨૦૨૨ની સેવા પરમોઃ ધર્મની ભાવનાને ઉજાગર કરતી જૂનાગઢ થી કાળીયા ઠાકુરની દ્વારિકાનગરી સુધીની ૨૨૫ કિલોમીટરની સફળ સાયકલોથોન (સાયકલ યાત્રા) બાદ વર્ષ ૨૦૨૩માં કેર નેચર સેવ નેચરના ઉમદા હેતુથી મહાનગર જૂનાગઢથી નેસર્ગીક સૌંદર્યથી ભરપૂર તુલસીશ્યામ સુધીની સાયકલોથોન આગામી તારીખ ૧૭/૧૨/૨૦૨૩, રવિવારે યોજવા જઈ રહી છે. જેમાં અત્યાર સુધી ફક્ત ચારથી પાંચ દિવસ જેટલા ટૂંક સમયમા જ આશરે ૨૦૦ જેટલા અનુભવી સાયકલવીરોએ આ ઉમદા હેતુવાળી સાયકલોથોનમાં ભાગ લેવા પોતાનું રજીસ્ટ્રેશન કરાવી અત્યારથી જ સફળતાની તળેટીએથી શિખર સુધી પહુંચાડવા થનગનાટ અનુભવે છે. જેમાં ફક્ત જૂનાગઢના જ નહિ પણ રાજકોટ, જામનગર, ભુજ વગેરે જેવા દૂરના શહેરોમાંથી પણ રજીસ્ટ્રેશન મળેલ છે. જેમાં અગ્રગણીય ડોક્ટર્સ, ઉદ્યોગપતિઓ, વકીલો, વેપારીઓ વગેરે સામેલ છે. આવા ઉમદા હેતુસર થતી આ સાયકલોથોનને નોવા વિંગ્સ વ્યનધત્વ નિવારણ (ઈન્ફેર્ટિલિટી) હોસ્પિટલ તથા ટેસ્ટ ટ્યૂબ સેન્ટરની રાજકોટ શાખા દ્વારા સમગ્ર સાયકલોથનનો આર્થિક ખર્ચ ઉઠાવવાનો સુંદર સહયોગ પણ સાંપડેલ છે. વ્યંધત્વ નિવારણ જેવી મેડિકલ ક્ષેત્રની અતિ પ્રસનનીય સફળ કામગીરીની સાથોસાથ પોતની સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી નોવા વિંગ્સ હોસ્પિટલે પોતાના આર્થિક સહયોગ દ્વારા સરાહનીય કાર્ય કરેલ છે. સાથોસાથ આ યાત્રામાં વન વિભાગ, તુલસી શ્યામ મંદિર તથા બાજુના ખજૂરી નેશના રહેવાસીઓનો પણ આયોજનમા શારીરિક, માનસિક, નેતિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. 'કેર નેચર, સેવ નેચર'ની અનિવાર્ય ભાવનાની સાથોસાથ માનવ સેવાના ગુણને પણ યથાર્થ ઠેરવવા માટે વોકિંગ ક્લબના ફાઉન્ડર અને જૂનાગઢની જાણીતી ન્યૂ લાઈફ કેર હોસ્પિટલના ડૉ. કે. પી. ગઢવી, સ્પર્શ હોસ્પિટલના ડો.રક્ષિત પીપલીયા તથા વોકિંગ ક્લબના અન્ય ગણમાન્ય સભ્યો દ્વારા તુલસીશ્યામ મંદિરથી ઉના સુધીના જંગલ વિસ્તારમા રહેતા નેશવાસીઓને વિનામૂલ્યે એક સારા મેડિકલ કેમ્પનો લાભ મળે તેવી સેવા પરમોઃ ધર્મના ઉત્કૃષ્ટ ઉદેશ્યથી સાયકલોથોન પુરી થયા પછી તુલસીશ્યામ મંદિર ખાતે જ એક મેડિકલ કેમ્પ યોજવાનો વિચાર મુકેલ હતો. વોકિંગ ક્લબના સભ્યો એવા ડો.કલ્પેશ બાખલકિયા, ડો.બ્રિજેશ જસાણી તથા અન્ય ડોક્ટર મિત્રો જેવા કે ડો.વી.આર.ફળદુ, ડો.વિનય હરીયાણી, ડો.સુનિલ લુણાગરિયા, ડો.જયેશ ઓડેદરા, ડો.સોહમ બુચ જેવા તજજ્ઞ તબીબોએ વધાવી પોતાની વિનામૂલ્યેની સેવાઓ આપવા કટિબધ્ધ થયેલ છે. સાથો સાથ આ વિનામૂલ્યે મેડિકલ કેમ્પમાં જરૂરિયાતવાળા દર્દીઓને જરૂરી દવાઓ પણ આપવામાં આવશે.

આ સમગ્ર આયોજન દરમ્યાન વોકિંગ ક્લબ દ્વારા દરેક ભાગ લેનાર વ્યક્તિને જંગલ થીમને અનુરૂપ ટી શર્ટ, જરૂરી રિફ્રેશમેન્ટ કીટ, એનર્જીવર્ધક પીણાં, રાઈડ દરમ્યાન સાયકલને લાગતી નાની મોટી રીપેરીગની જરૂરિયાત માટે અનુભવી સાયકલ મિકેનિક, તુલસીશ્યામથી જૂનાગઢ સાયકલ પરત લઈ આવવાની વ્યવસ્થા વગેરે જેવી સવલાતો પણ પુરી પાડવામાં આવશે. આવા ઉમદા હેતુસર યોજાતી આ યાત્રામા જોડાવા માટે વોકિંગ કલબ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. આ આયોજન સફળતાપૂર્વક પાર પાડવા માટે કલ્પેશભાઈ હિંડોચા, સફીભાઈ દલાલ તથા વોકિંગ કલબના સભ્યો જહેમત ઉઠાવી રહયા છે.

## જીલ્લાભરમાં તાલુકાકક્ષાએ તા.૨૪ તથા ૨૫ નવેમ્બરે રવિ કૃષિ મહોત્સવ યોજાશે



જૂનાગઢ, તા.૮

જિલ્લાભરમાં તાલુકાકક્ષાએ તા.૨૪ તથા ૨૫ નવેમ્બરે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ યોજાશે. જેના સુચારુ આયોજન માટે કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩નો ખેડૂતોને મહત્તમ લાભ થાય તે દિશામાં આયોજન હાથ ધરવા સૂચના આપતા કલેકટર અનિલકુમાર રાણાવસીયાએ ખેડૂતો કૃષિલક્ષી નવીન જ્ઞાન પ્રાપ્ત કરે તે પ્રકારના કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવે, સાથે જ ખેડૂતો કૃષિ લક્ષી ટેકનોલોજી રૂબરૂ નિહાળી અને અનુભવી શકે તે પ્રકારનું સ્ટોલ્સના મારફતે પ્રદર્શન ઉભુ કરવા માટે જણાવ્યું હતું. કલેકટરે સ્થાનિક ખેતી પેદાશોને લક્ષ્યમાં રાખી તાલુકાકક્ષાએ કૃષિ મેળામાં કૃષિ પાકોનું મૂલ્યવર્ધન અને તેના પ્રોસેસિંગ માટે પણ ખેડૂતોને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે આયોજન કરવા જણાવ્યું હતું. બે દિવસીય આ કૃષિ મેળામાં ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો વચ્ચે ખેતી ખર્ચના ઘટાડા માટે ઈનપુટ્સના કાર્યક્ષમ ઉપયોગ અને પ્રાકૃતિક ખેતી દ્વારા ઓર્ગેનિક કાર્બનના વધારવા શહેરના વિષયો ઉપર વકતવ્યની સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવશે. પ્રાંત ઉપરાંત પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની પણ ખેડૂતોની મુલાકાત ગોઠવવામાં આવશે. આ રવિ કૃષિ મહોત્સવની સાથે સેવા સેતુ અને પશુ આરોગ્ય કેમ્પ પણ યોજવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા ખેતીવાડી અધિકારી ગોંડલીયા, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા સહિતના સંબંધિત અધિકારી ઉપરાંત તાલુકા કક્ષાએથી પ્રાંત અધિકારીઓ સહિતના સલગ્ન અધિકારીઓ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

## જૂનાગઢ જીલ્લા રોજગાર કચેરી દ્વારા આવતીકાલ તા. ૯ નવેમ્બરના ભરતી મેળો યોજાશે

### એસ.એસ.સી.,થી સ્નાતક(બી.ઈ./બી,.ટેક.)ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે ઉમદા તક

જૂનાગઢ, તા. ૮

જૂનાગઢ જિલ્લાનાં ઉત્સાહી અને ઉર્જાવાન રોજગાર ઈચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ સિનોવા ગીયર્સ એન્ડ ટ્રાંશમીશન પ્રા.લી. ખાતે ભરતી હેતુ ખાલી પડેલ મશીન ઓપરેટર/ ફિટર/ સી.એન.સી./વિ.એમ.સી./ શેપીંગ/હોબિંગ/બ્રોચીંગની જગ્યાઓ માટે ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ., ડિપ્લોમા કે સ્નાતક(બી.ઈ./ બી,.ટેક.)ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી 'બી' વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરદાર બાગ, જૂનાગઢ ખાતે તા.૦૯/ ૧૧/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજીસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup ઉપરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ ઉપર લોગ ઈન કરીને પોર્ટલ ઉપર જોબફેર મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ મારફત સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## માતુશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે રંગોળી સ્પર્ધા યોજાઈ





જૂનાગઢ, તા.૮

દિપાવલીના પાવન પર્વ નિમિત્તે ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને ભવ્ય વારસા પ્રત્યે વિદ્યાર્થિનીઓમાં લગાવ ઊભો થાય, વિદ્યાર્થિનીઓની સુષુપ્ત શક્તિ, કલા, કૌશલ્યનો વિકાસ થાય તેમજ શિક્ષણની સાથે સાથે સહ શૈક્ષણિક પ્રવૃત્તિમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ રસ-રૂચિ દાખવે તેવા ઉમદા આશયથી માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૦૭-૧૧-૨૦૨૩ને મંગળવારના રોજ "રંગોળી સ્પર્ધા" યોજવામાં આવી હતી. શાળાના આચાર્યા સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, શાળાના શિક્ષકો સુશ્રી બીનાબેન મકવાણા અને સુશ્રી રેહાનાબેન સાંધના માર્ગદર્શન હેઠળ બહોળી સંખ્યામાં શાળાની વિદ્યાર્થિનીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. જેમાં વિદ્યાર્થિનીઓએ જુદા-જુદા પ્રકારની અદ્દભુત રંગોળીઓ દોરીને પોતાની વિશિષ્ટ શક્તિઓનો પરિચય કરાવ્યો હતો. આ તકે સંસ્થાના શિક્ષણ નિયામકશ્રી એચ.પી. પોલરા સાહેબ અને વહીવટી અધિકારીશ્રી કે.પી. ગજેરા સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં વિદ્યાર્થિનીઓની રૂચિકર પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરવા માટે ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પુરસ્કાર અર્પીને બિરદાવવામાં આવ્યા હતાં.

રંગોળી સ્પર્ધાના સુંદર આયોજન બદલ સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલિનીબેન ગોધાણી, સંસ્થાના ટ્રસ્ટીઓ, સંચાલક મંડળના સભ્યો સહિત સમગ્ર શાળા પરિવારે ખાસ અભિનંદન પાઠવ્યા હતાં.

## દિવાળી પર્વ નિમિત્તે ફટાકડાના કચરાના નિકાલ માટે આગોતરૂ આયોજન

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તા.૧૧મી નવેમ્બરના રોજ બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન ઉપરાંત જાહેર સ્થળોએ સાફ-સફાઈની કામગીરી પૂર્ણ થયા બાદ તા.૧૨મી નવેમ્બરના રોજ પોલીસ સ્ટેશનનો, પોલીસ લાઈન, કોર્ટ સંકુલ, સરકારી રહેણાંકની વસાહતો તેમજ હાઉસિંગ સોસાયટીઓ વગેરેની સફાઈ ઝુંબેશ હાથ ધરાશે. સ્વચ્છતા હી સેવા ઝુંબેશને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર ઉપરાંત સ્થાનિક નાગરિક અને સંગઠનો પણ પ્રવૃત્તિ બન્યા છે. જૂનાગઢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.જી. પટેલના જણાવ્યા અનુસાર તરીકે તા.૧૩મી થી તા.૧૮મી નવેમ્બર સુધીના સમયગાળા દરમ્યાન દિવાળીના પર્વ નિમિત્તે ફટાકડાના કચરાનો નિકાલ કરાશે અને જાહેર રસ્તાઓ ઉપર સફાઈ ઝુંબેશ હાથ ધરાશે. ફટાકડાના કચરાનું નિકાલ કરાયા બાદ ૧૯મી નવેમ્બર અને રવિવારે સિંગલ યુઝ પ્લાસ્ટિક અને જાગૃતિ અને કલેકશન ડ્રાઈવ ચલાવવામાં આવનાર છે.

## વિકસિત ભારત અભિયાન અંતર્ગત જૂનાગઢ જીલ્લામાં તા. ૨૨ નવેમ્બરથી રથયાત્રા યોજાશે

જૂનાગઢ, તા.૮

ભારત સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણના કારણે છેવાડાના લોકોને લાભ મળ્યો છે. કેન્દ્ર સરકારની વિવિધ ૧૭ યોજનાઓનો શહેરી અને ગ્રામ્ય સ્તરે લાભ મળતા લાભાર્થીના પ્રતિભાવો, રથ દરમિયાન ઘર આંગણે લાભાર્થીઓને યોજનાઓનો લાભ મળે અન્ય લોકો આ યોજનાથી માહિતી મેળવી સરકારી યોજનાનો લાભ મેળવે તે સહિતના કાર્યક્રમ ૨૨મી નવેમ્બરથી શરૂ થશે. આ અભિયાન અંતર્ગત આજે કલેક્ટર કચેરી ખાતે મીટીંગ મળી હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખે અભિયાનની રૂપરેખા આપી હતી. જૂનાગઢ જિલ્લામાં ચાર રથ દ્વારા યોજનાઓનો પ્રચાર અને માહિતી આપવામાં આવશે. આ કામગીરી માટે ગ્રામ્ય શહેરી અને જિલ્લા કક્ષાએ સમિતિ બનાવી રોજ આઠ ગામોને આવરી લેવાશે. રાજ્ય ને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તેમજ સેવા સેતુ પ્રકારના કેમ્પો કરીને સ્થળ ઉપર લાભાર્થીને માહિતી મળે તે પ્રકારનું પણ આયોજન કરવામાં આવશે.

## જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા આવતીકાલે 'જૂનાગઢ મુકિત દિન'ની ઉજવણી થશે

જૂનાગઢ, તા.૮ : આરઝી હકુમતદિન (જૂનાગઢ મુકિત દિન)ની ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા આવતીકાલ તા.૯/૧૧/૨૦૨૩ ના રોજ બહાઉદીન કોલેજ ગ્રાઉન્ડ, જૂનાગઢ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે વિજય સ્તંભનું પુજન વિધી કાર્યક્રમ મેયરશ્રીના વરદ હસ્તે તથા ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં રાખવામાં આવેલ છે તેમજ રાત્રીના ૭:૦૦ કલાકે બહાઉદીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે આતસબાજી કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સૌ શહેરીજનોને પધારવા મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે તેમજ બાળકોના આરોગ્ય અન્વયે મહાનગરપાલિકા, જૂનાગઢના અર્બન હેલ્થ સેન્ટર દ્વારા બહાઉદીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે ઉક્ત તારીખના રોજ સમય સવારે ૯:૦૦ કલાકે ડો.આંબેડકર નગર અને ગાંધીગ્રામ આર.બી.એસ.કે. ટીમ દ્વારા ૦ થી ૨,૨ થી તેમજ ૩ તથા ૩ થી ૫ વર્ષની અલગ અલગ કેટેગરીમાં "હેલ્ધી બેબી" સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ માટે નિમંત્રણ પાઠવવામાં આવે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કેરળમાં ભારત વિરોધી કટ્ટરપંથીઓની ગતિ તેજ : તમામ સભ્યોને સુરક્ષા એલર્ટ કરાયા

કોઈ આતંકવાદી ઘટનાનું મૂલ્યાંકન એના પરથી જ ન થાય કે તેમાં કેટલા લોકો માર્યા ગયા છે. કેરળમાં એર્નાકુલમ જિલ્લાના કલામસેરીના કન્વેન્શન સેન્ટર એટલે કે સંમેલન કેન્દ્રમાં થયેલ વિસ્ફોટ દરેક દૃષ્ટિએ ડરાવનારો અને ચિંતિત કરનારી ઘટના છે. નિઃસંદેહ ત્રણ વ્યક્તિઓનાં મોત તથા ૫૧ લોકો ઘાયલ થવા સુરક્ષા એજન્સીઓ માટે થોડી રાહતનો વિષય છે. જોકે એક વ્યક્તિનું મોત કે ઘાયલ થવું પણ આપણા માટે ચિંતાનો વિષય હોવો જોઈએ. યહોવા વિટનેસ સમુદાયના ત્રણ દિવસના કાર્યક્રમમાં ૨૦૦૦ની આસપાસ લોકો હાજર હતા. ત્રણ વિસ્ફોટનો મતલબ તેની પહેલેથી પૂરતી તૈયારી કરવામાં આવી હતી. એ પણ સ્પષ્ટ છેકે આ વિસ્ફોટ આઈઈડીથી થયા છે. હજુ એ કહેવું મુશ્કેલ છે કે કોચ્ચિ નિવાસી ડોમિનિક માર્ટિન નામના વ્યક્તિ દ્વારા ઘટનાની જવાબદારી લેવાનું સત્ય શું છે. શું તે એકલો આ વિસ્ફોટમાં સામેલ હતો કે પછી તેની સાથે અન્ય લોકો હતા? જે કંઈ તે કહી રહ્યો છે તે જ સત્ય છે કે તેની પાછળ કોઈ વ્યાપક ષડયંત્ર છે? એનઆઈએ અને કેરળનું આતંક દ્વિરોધી દળ તપાસ કર્યા બાદ તેનું તમામ સત્ય સામે આવશે. પરંતુ કેરળ સરકાર દ્વારા સમજ્યા વિચાર્યા વિના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને આરોપિત કરવાથી વધુ બેજવાબદાર કશું જ ન હોઈ શકે. કેરળના વલણ અને યહોવા વિટનેસની સાથે આ સમયે દેશનું જેવું વાતાવરણ છે અને વિશેષ કરીને કેરળમાં જેવો તણાવપૂર્ણ માહોલ બનાવવામાં આવ્યો છે તેનું ઊંડાણથી વિવેચન જરૂરી થઈ જાય છે. યહોવા વિટનેસ ઈસાઈ ધર્મથી નીકળેલો એક સમુદાય છે. તેની ઓફિસ અમેરિકાના ન્યૂયોર્કના વોરવિકમાં છે અને માનવામાં આવે છે કે આ સમયે વિશ્વભરમાં તેના પંચ્યાશી લાખ સભ્યો છે. તેને ઈન્ટરનેશનલ બાઈબલ સ્ટુડન્ટ્સ એસોસિએશનનું એકમ માનવામાં આવે છે જેની સ્થાપના ચાર્લ્સ ટેઝ રસેલે ૧૮૭૨માં પીટ્સબર્ગમાં કરી હતી. આ મુખ્ય ધારાના ઈસાઈ સમુદાય કેથોલિક પ્રોટેસ્ટન્ટ વગેરેથી અલગ વિચાર ધરાવે છે. તેને અનુસાર હોલી ટ્રિનિટી એટલે કે પવિત્ર ત્રિપુટી ગોડ, ધ ફાધર ગોડ, ધ સન યિશુ માં તેઓ વિશ્વાસ નથી કરતા. તે યહોવાને ગોડ ઓફ બાઈબલ અને તમામ ચીજોના નિર્માતા રૂપે જુએ છે. યહોવા વિટનેસના લોકો ઈસુ મસીહને ઈશ્વર ન માનીને તેમના પુત્ર માને છે તથા ખુદને વાસ્તવિક ક્રિશ્ચિયન માને છે. તેઓ ક્રિસમસ અને ઈસ્ટર જેવી રજાઓની ઉજવણી પણ નથી કરતા. તેમના સામાજિક નિયમન અને રીતરિવાજ ઘણા કડક છે. તેમાં તલાક લેવા અને લોહી લેવાનો પણ સખત નિષેધ છે. સ્વાભાવિક રીતે અન્ય ઈસાઈ મતાવલંબીઓ સાથે તેમને તણાવ થાય છે. જે ઈસા મસીહને ઈશ્વર માને છે તેઓ ઈશ્વર નહિ માનનારાઓનો વિરોધ કરશે. તેઓ લોકો વચ્ચે પોતાનો વિચાર પ્રસાર કરી તેમને પોતાની સાથે સામેલ કરવાની કોશિશ કરે છે અને તેનાથી પણ તણાવ પેદા થાય છે. યાદ રાખો, કેરળમાં લગભગ ત્રણ દાયકા પહેલાં આ સમૂહનાં ત્રણ બાળકો પર તેમની સ્કૂલમાં રાષ્ટ્રગાનનું અપમાન કરવા બદલ અનુશાસનાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી અને આ મામલો સુપ્રીમમાં પહોંચ્યો હતો. આ સમુદાય પોતાના વિસ્તાર માટે એવી વાતો બોલે છે, જેને નિઃસંદેહ ભારત વિરોધ કે અહીંની સભ્યતા સંસ્કૃતિ સામાજિક વ્યવહાર વગેરેની નિંદા અને તેના અંત કરવા સુધીની વાતો થાય છે. કેરળમાં ચર્ચની કેટલીક ગતિવિધિઓ પણ સમાજને અસહજ કરનારી રહી છે અને તેનો વિરોધ થતો રહે છે.

માર્ટિને ઘટના બાદ છ મિનિટનો એક વીડિયો જારી કર્યો, જેમાં તે કહી રહ્યો છે કે તેણે એવું કર્યું, કારણ કે સંગઠનની શિક્ષા દેશદ્રોહી છે. તેની વિચારધારા ખતરનાક છે અને તેથી તેને રાજ્યમાં ખતમ કરવું પડશે. તેનું કહેવું છેકે તેણે કેટલીય વાર સંગઠનને પોતાની શિક્ષા કે વિચાર સુધારવાનું કહ્યું, પરંતુ એવું થયું નહીં. તેને અનુસાર તેની પાસે કોઈ બીજો વિકલ્પ ન હતો, તેથી તેણે આવો નિર્ણય લીધો. યહોવા વિટનેસે તેને પોતાનો સદસ્ય માનવાનો ઈનકાર કરી દીધો છે. જે રીતે ડોમિનિક માર્ટિન નિવેદન આપી રહ્યો છે તેનાથી નથી લાગતું કે તે આ સમૂહનો સદસ્ય નહીં હોય. નિશ્ચિતપણે આ ઘટના બાદ ડોમિનિક માર્ટિન સાથે સમૂહની ગતિવિધિઓ, વિચારો, સંસાધનો વગેરેની વ્યાપક તપાસ થશે. પરંતુ છેલ્લા કેલાક સમયથી કેરળમાં ભારત વિરોધી હિંસક મજહબી કટ્ટરપંથની ચિંતાજનક ગતિવિધિઓ જોવા મળી છે. ઈઝરાયલ અને હમાસ યુદ્ધ બાદ એમ તો દેશનું વાતાવરણ ઘણું તણાવપૂર્ણ બનાવવામાં આવ્યું છે, પરંતુ કેરળમાં લગભગ પ્રતિદિન ક્યાંકને ક્યાંક કોઈ નાની-મોટી રેલી કે ધરણાં પ્રદર્શન થઈ રહ્યાં છે. આ વિસ્ફોટના એક દિવસ પહેલાં કેરળની એક રેલીને હમાસના પૂર્વ પ્રમુખ આતંકી ખાલિદ મશાલે સંબોધિત કરી હતી, જેમાં તેણે કહ્યું હતં કે બુલડોઝર, હિંદુત્વ અને યહૂદીવાદને ઉખાડી ફેંકવાના છે. તાત્કાલિક વિસ્ફોટ સાથે સીધો તેનો સંબંધ હોય કે ન હોય, પરંતુ સ્થિતિ કેટલી ખતરનાક છે કે વિદેશમાં બેઠેલા હિંસક આતંકી સંગઠનનો પૂર્વ પ્રમુખ વર્ચ્યુઅલ રીતે ભારતની રેલીને સંબોધિત કરતાં હિંસક વિદ્રોહ માટે ઉશ્કેરે છે અને લોકો તાળીઓ પાડે છે! ભાજપને છોડીને કોઈપણ પાર્ટીએ તેનો વિરોધ નથી કર્યો. 'મહોબ્બતની દુકાન'ની ડંફાસો મારનારી કોંગ્રેસે પણ નહીં.

કેરળ સરકારે તેની નોંધ લઈને કાર્યવાહી કરવી જોઈતી હતી. એવું નહિ કરવાથી માત્ર એ તત્ત્વોનું જ નહીં, હિંસાની માનસિકતા ધરાવતા કેટલાયનો જુસ્સો વધ્યો છે. કેરળ સરકારના પ્રવક્તાનું નિવેદન છે કે આખું કેરળ પેલેસ્ટાઈનના નામ પર એકજુટ છે અને જો આ વિસ્ફોટ તેને તોડવા માટે છે તો તેને સ્વીકાર નહીં કરવામાં આવે. સરકારની આ માનસિકતા ભયાનક ડરામણી છે. કેરળમાં પેલેસ્ટાઈનના નામ પર થઈ રહેલ રેલીઓ અને પ્રદર્શનોમાં સત્તારૂઢ ડાબેરી મોરચા સાથે કોંગ્રેસ નેતૃત્વવાળા વિપક્ષી મોરચાના નેતા પણ સામેલ થઈ રહ્યા છે. હમાસનો પૂર્વ પ્રમુખ આતંકી ખાલિદ મશાલ રેલીમાં સામેલ થયા બાદ ભ્રમ દૂર થઈ જવા જોઈએ. ત્યારબાદ એ કહેવું આસાન થઈ ગયું છે કે ઈઝરાયલ વિરોધના નામે હમાસનું સમર્થન કરવામાં આવી રહ્યું છે. પાર્ટીઓ, સંગઠન પોતાના નિવેદનો અને ગતિવિધિઓથી આખા દેશનો માહોલ તણાવપૂર્ણ બનાવી રહ્યા છે. બિહારના પૂર્ણિયામાં સાંપ્રદાયિક તણાવ પેદા થયો તો મહારાષ્ટ્રમાં મુંબઈથી લઈને કેટલાય સ્થળો પર પ્રદર્શનોમાં ઉત્તેજક નારા અને ભાષણ થઈ રહ્યાં છે. એનાથી પર રાજકીય મતભેદને પાર્ટીઓ એ પ્રકારે પ્રગટ કરે છે, જાણે દેશની અંદર યુધ્ધની સ્થિતિ હોય. આવા તણાવપૂર્ણ વાતાવરણમાં કોઈ અસંતુલિત વ્યક્તિ અને સમૂહ હિંસાની સીમા સુધી જઈ શકે છે. ત્યાં સુધી કે તેની પોતાની સુરક્ષા એજન્સીઓની માહિતીઓને પણ કેટલીય વાર ગંભીરતાથી લેવામાં નથી આવતી, જેટલી લેવી જોઈએ. કેન્દ્ર દ્વારા હમાસ અને ઈઝરાયલ વચ્ચે યુધ્ધ બાદ તમામ રાજ્યોને સુરક્ષા એલર્ટ આપવામાં આવ્યા હતા.

### રામ મોકરિયાએ કૃષિ મંત્રીને લેખિતમાં રજૂઆત કરી હતી

# નકલી બિયારણને લઈ સાંસદે લખેલા પત્રને લઈ કૃષિ વિભાગ એક્શનમાં આવ્યું

**પાક્કુ લાયસન્સ હોય, વિશ્વાસપાત્ય વિક્રેતા પાસેથી બિયારણ ખરીદો, તેમજ ખેડૂતો પાકુ બિલ લેવાનો આગ્રહ રાખે, સર્ટિફાઈડ બિયારણ લેવું જોઈએ**

અમદાવાદ, તા.૮

નકલી બિયારણને લઈ સાંસદે લખેલા પત્રને લઈ કૃષિ વિભાગ એક્શમાં આવ્યું હતું. નકલી બિયારણને લઈને સંયુક્ત કૃષિ નિયામક જે.બી ઉપાધ્યાયે માહિતી આપી હતી. કૃષિ નિયામક દ્વારા જણાવ્યું હતું કે, સાંસદ રામભાઈએ કરેલી રજૂઆત કૃષિમંત્રીએ ગંભીરતાથી લીધી છે. કૃષિ વિભાગનાં અધિકારીઓને યોગ્ય પગલા લેવા આદેશ કર્યો છે. તેમજ કૃષિ ભવનમાં બેઠકનું આયોજન કરી ગુણવત્તા નિયંત્રણ કેન્દ્રને સૂચના આપી છે. આ વર્ષે નકલી બિયારણની ખાસ કોઈ ફરિયાદ મળી નથી. ગત વર્ષે ૭૫૦૦ નમૂનાં લેવાનો ટાર્ગેટ હતો. આ વખતે અમે ૨૫ હજાર નમૂનાં લેવાનો ટાર્ગેટ કર્યો છે. ૧૭ હજાર નમૂનાં લેવાઈ ચૂક્યા છે. લેબોરેટરીમાં મોકલાયા છે. અત્યાર સુધી ૨૮૬ નમૂનાં બિન પ્રમાણિક થયા છે. જ્યારે ૨૮૬ ગેરલાયક નમૂનામાંથી ૧૮૮ નમૂનાની અંદર કોર્ટ કેસની મંજૂરી મળી છે. તેમજ વધુમાં સીડ્સ ડીલરને ત્યાં તપાસ કરી રહ્યા છે. તપાસમાં ૨૨ લાકનો જથ્થો અટકાવેલો છે. નકલી બિયારણ શબ્દ યોગ્ય નથી. બિયારણ નકલી ન હોઈ શકે. બિયારણની ગુણવત્તા યોગ્ય ન હોય તેવું બને છે. બિયારણ જીવંત ચીજ વસ્તુ છે. એટલે નકલી ન બની શકે.નકલી શબ્દ ભરમાવે તેવો છે. ખેડૂતો નકલ શબ્દ મગજમાંથી હટાવે. અને ખરીદી કરતી વખતે ખેડૂતો સજાહ રહે. પાક્કુ લાયસન્સ હોય, વિશ્વાસપાત્ય વિક્રેતા પાસેથી બિયારણ ખરીદો. તેમજ ખેડૂતો પાકુ બિલ લેવાનો આગ્રહ રાખે. સર્ટિફાઈડ બિયારણ લેવું જોઈએ.

નકલી બિયારણ મુદ્દે સાંસદ રામ મોકરિયાએ કૃષિ મંત્રીને પત્ર લખ્યો છે. આ મામલે તેમણે કહ્યું કે લોકોની રજૂઆત અંગે પગલાં લેવાય તેવા મારા પ્રયત્નો છે. બિયારણ માફિયાઓને કડક સજા થાય તેવી મારી માંગ છે. નકલી બિયારણ આપી ખેડૂતોને લુંટાઈ રહ્યા છે.કાયદામાં ફેરફાર કરી આવા વેપારીઓ વિરુદ્ધ પગલાં લેવાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. તેમણે કહ્યું કે ખેડૂતોએ નકલી બિયારણ અંગે તેમને ફરિયાદ કરી હતી કે અમુક વેપારીઓ નકલી બિયારણનું વેચાણ કરે છે. અને મારી પાસે આવેલી રજૂઆતના સંદર્ભે કૃષિમંત્રીને પત્ર લખ્યો છે. નકલી રાસાયણિક દવાના કારખાના પણ ધમધમે છે. નકલી બિયારણથી ખેડૂતોની મહેનત પાણીમાં જાય છે. વેપારીઓ નકલી બિયારણ ન વેચી શકે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

# અમદાવાદ-ગાંધીનગર વચ્ચે સૌથી મોટી બિલ્ડીંગ નિર્માણ થશે

ગાંધીનગર, તા.૮

હાલમાં ગાંધીનગર નજીક આવેલ ગિફ્ટ સિટીએ આકર્ષણના કેન્દ્ર સમાન છે. નિર્માણ કાર્યોમાં એક ઓળખ સમાન તરીકે ગિફ્ટ સિટીને જોવામાં આવે છે. અહીં આવેલ ટાવરમાં સૌથી ઉંચા ટાવરમાં ૨૮ માળ આવેલ છે. ભારતના સૌ પ્રથમ સ્માર્ટ સિટીનુ નિર્માણ ૮૮૬ એકર વિસ્તારમાં થયુ છે. અહીં ઉંચા અને સુંદર બિલ્ડીંગની સાથે સુવિધાઓ પણ આધુનિક રાખવામાં આવી છે. હવે વધુ એક આધુનિક સુવિધાઓ સાથે અમદાવાદને અડકીને આવેલ વિસ્તારમાં ઉંચુ બિલ્ડીંગ જોવા મળશે.

મીડિયા રિપોર્ટસ મુજબ ૩૨ માળની બિલ્ડીંગ નિર્માણ કરવાની પરવાનગી ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આપવામાં આવી છે. આ બિલ્ડીંગ વૈષ્ણોદેવી સર્કલ પાસે નિર્માણ થનારી છે. રિપોર્ટસ મુજબ ગાંધીનગર કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા મંજૂરીની મહોર લગાવી દેવાઈ છે. જે મુજબ ખોરજ ટાઉન પ્લાનીંગ સ્કિમ નંબર ૬૩ માં ઉંચી બિલ્ડીંગ નિર્માણ થશે. આ બિલ્ડીંગ ફાઈનલ પ્લોટ નંબર ૧૦૭માં નિર્માણ કરાશે.

ગિફ્ટ સિટીથી પણ ઉંચી નિર્માણ થનારી આ બિલ્ડીંગ એકદમ આકર્ષક નિર્માણ કરવામાં આવશે. વિસ્તારની શોભા વધારતુ નિર્માણ થશે. બિલ્ડીંગ ૧૨૫.૮૫ મીટર ઉંચી હશે. કોમર્શિયલ બિલ્ડીંગમાં ૩૨ માળ નિર્માણ થશે. વિશાળ કદની બિલ્ડીંગમાં કુલ ૯૨૮ જેટલા યુનિટ તૈયાર કરવામાં આવશે. વિશાળ બિલ્ડીંગ અને યુનિટને ધ્યાને રાખીને ચાર બેઝમેન્ટ પાર્કિંગ તૈયાર કરવામાં આવનાર છે.

પરવાનગીની વાત કરવામાં આવે તો, બિલ્ડીંગ નિર્માણ રહેણાંક ઝોન ઈ-૧ માં આવતા આ વિસ્તારમાં ૫.૪ની બાંધકામ વિકાસ અંગેની મંજૂરી અપાઈ છે. આ વિસ્તારમાં ૧.૮ બેઝ એફએસઆઈ ઉપરાંત ૩.૬ની ચાર્જેબલ એફએસઆઈ મળીને ૫.૪ મુજબ પરવાનગી અપાઈ છે.

### રાજકોટમાં નકલી વસ્તુ પધરાવી દેવાનો કિસ્સો સામે આવ્યો

# દિલ્હીની કંપનીએ ગ્રાહકને નકલી ફેસવોશ પધરાવી દીધુ

રાજકોટ, તા.૮

રાજ્યમાં આજકાલ નકલી ચીજવસ્તુઓની ભરમાર હોય તેવુ ચિત્ર સામે આવી રહ્યુ છે. નક્લી માવો, નક્લી ઘી, નક્લી દવા, નક્લી જંતુનાશક દવા, નક્લી ઈનો સહિત ચારેબાજુ જાણે નક્લી ચીજવસ્તુઓની ભરમાર જોવા મળી રહી છે. આ ભેળસેળિયા તત્વોને સરકારનો જરાય ડર ન રહ્યો હોય તેમ ખુલ્લેઆમ મિલાવટ થઈ રહી છે. જે લોકો આજકાલ ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે. તેમણે ચેતવાની જરૂર છે કારણ કે રાજકોટની એક ફાર્મા કંપની દ્વારા તૈયાર કરવામાં આવતા ફેસવોશના કોપીરાઈટની ચોરી કરીને દિલ્હીની એક કંપની દ્વારા છેતરપિંડી કરવામાં આવતી હોવાની ફરિયાદ રાજકોટના માલવિયા નગર પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે.

રાજકોટના રૈયારોડ વિસ્તારમાં રહેતા અને યુ.બી.સોલ્યુસન્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ધરાવતા અજય વંજાણીએ આ ફરિયાદ નોંધાવી છે. જેમાં ઉલ્લેખ કરાયો છે કે કાલાવડ રોડ પર આવેલ યુ.બી.સોલ્યુસન્સ પ્રા.લી.માં તેઓ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર છે. તેઓની કંપની કોસ્મેટીકની અલગ અલગ પ્રોડક્ટ ધરાવે છે. જેની ૧૮ દેશોમાં સપ્લાય થઈ રહી છે. વર્ષ ૨૦૧૨માં કંપની દ્વારા એથિગ્લો નામનું ફેસવોશ લોન્ચ કરવામાં આવ્યું છે અને આ ફેસવોશ અલગ અલગ મેડિકલ સ્ટોરમાં અને ઓનલાઈન ઉપલબ્ધ છે.

જો કે ગત ૧૪ ઓગસ્ટના રોજ બિહારથી એક ગ્રાહકનો કસ્ટમર કેરમાં ફોન આવ્યો હતો કે હું આપની કંપનીનું ફેસવોશ વર્ષોથી ઉપયોગ કરૂ છું પરંતુ આ વખતે તેની ક્વોલીટી અલગ પ્રકારની હતી. આ ગ્રાહકે આ પ્રોડક્ટ ફ્લિપકાર્ટ દ્વારા ઓનલાઈન ખરીદી કરી હતી. જેના આધારે કંપની દ્વારા તપાસ કરતા આ પ્રોડક્ટની રિસિપ્ટ અને ફોટો મંગાવતા તેમાં એથિગ્લો ફેસવોશ લખેલું હતું અને જે કંપની પાસેથી આ પ્રોડક્ટનું વેચાણ કરવામાં આવ્યું હતું તે કંપની અબુએરા હતું. જે દિલ્લીમાં આવેલી કંપની છે. જેના આધારે રાજકોટની ફાર્મા કંપનીએ પોલીસને કોપીરાઈટ એક્ટ અંતર્ગત કાર્યવાહી કરવાની ફરિયાદ લખાવી છે.

### જૂનાગઢમાં ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

જૂનાગઢ તા.૮

જૂનાગઢના જોષીપરા, ઓઘડનગર, મહાદેવ પાનવાળી શેરીમાં રહેતા રામાભાઈ નેભાભાઈ પરમાર(ઉ.વ.૨૩)એ પોતાના ઘરે પોતાની મેળે રૂમમાં પંખાની સાથે સુતરની દોરી બાંધી જેનો ગળે ગાળીયો કસી ગળાફાંસો ખાઈ લેતા જીવનનો અંત આણેલ છે.

# એસટીના ફિક્સ પગારના કર્મચારીઓને ૩૦% પગાર વધારો મળશે

ગાંધીનગર, તા.૮

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ કર્મચારીઓ પ્રત્યે હરહંમેશથી હકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનું જણાવી વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ કે, તાજેતરમાં જ રાજયના ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકા જેટલો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે આજે ગુજરાત એસ.ટી નિગમના ફિક્સ પગારના કર્મચારીઓને પણ હવે આ લાભ આપવા સંદર્ભે મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ૭ હજારથી વધુ કર્મચારીઓને લાભ થશે.

આ મહત્વપૂર્ણ જાહેરાત કરતા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વાર-તહેવાર ભૂલીને રાજ્યના ૨૫ લાખથી વધુ પરિવારોને યાતાયાતની સુવિધા પુરી પાડવાનું ઉત્તમ કાર્ય કરી રહેલા ગુજરાત એસટી વિભાગના સૌ કર્મચારીઓ અભિનંદનને પાત્ર છે. તાજેતરમાં જ એસ.ટી યુનિયન સાથે બેઠક કરીને વિવિધ પ્રશ્નો અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરી મોટા ભાગના પ્રશ્નોના નિરાકરણ લાવવામાં આવ્યા હતા.

**એસ.ટી.વિભાગનાં વિવિધ યુનિયન અને વાહન વ્યવહાર મંત્રી વચ્ચે બેઠક યોજાઈ**

એસ.ટી વિભાગના વિવિધ યુનિયન અને વાહન વ્યવહાર મંત્રી વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં સૌ યુનિયનના હોદ્દેદારો તેમજ નિગમમાં ફરજ બજાવતા ફિક્સ પગારના કર્મચારીઓ ઉપરાંત એસ.ટી નિગમના અધિકારીઓ જોડાયા હતા. આ નિર્ણયને આવકારીને એસ.ટી નિગમના વિવિધ યુનિયનના હોદ્દેદારો તેમજ કર્મચારીઓ દ્વારા વાહન વ્યવહાર મંત્રીનું અભિવાદન કરી સન્માન કરવામાં આવ્યુ હતું.

# ખંભાળિયાના ગોઈંજના મૂળ વતની અને અમેરિકાના ચંદ્રકાંત સુમરીયાનું અમદાવાદ ખાતે અવસાન

**તારક મહેતાના જમાઈ કવિ, લેખક, અને નાટ્યકાર ચંદ્રકાંતભાઈના અવસાનથી શોક**



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

દુનિયાને ઉંધા ચશ્મા ફેઈમ તારક મહેતાના જમાઈ અને ખંભાળિયા તાલુકાના ગોઈંજ ગામના મૂળ વતની એવા ચંદ્રકાંતભાઈ હંસરાજભાઈ સુમરીયાનું ૬૮ વર્ષની વયે અમદાવાદ ખાતે નિધન થતાં સમગ્ર મહાજન સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. બોસ્ટન (અમેરિકા)માં સ્થાયી થયેલા અને છેલ્લે અમદાવાદમાં રહેતા ચંદ્રકાંતભાઈ સુમરીયા કવિ, લેખક, નાટ્યકાર, સંપાદક, આયોજક, વાર્તાકાર, અભિનેતા અને ફિલ્મ નિર્દેશક સાથે પોતાનો આઈ.ટી. બિઝનેસ પણ ધરાવતા હતા. તેમની વાર્તા ઉપરથી "માલામાલ વિકલી" ફિલ્મ નીરજ વોરાએ ડેવલપ કરેલી. આ ઉપરાંત "ઓ માય ગોડ" ફિલ્મમાં પણ તેમનું મહત્વનું યોગદાન રહ્યું હતું. વિશ્વ વિખ્યાત હાસ્યકાર સ્વ. તારક મહેતાના જમાઈ એવા ચંદ્રકાંતભાઈને લઈને જાણીતા કટાર લેખક જય વસાવડાએ પણ શ્રદ્ધાંજલિ અર્પતા જણાવ્યું હતું કે "ચંદ્રકાંતભાઈ પાસે બધું ટીકડી ટી નોલેજ હોય. માણસ કાયમ નવો, નખશિખ મસ્તીમાં મધમધતો, રસીકજન સાથે ખરા અર્થમાં કાઠીયાવાડી મૂળિયાનું એવું વૃક્ષ કે જેની શાખા આખી દુનિયામાં છે". જય વસાવડાએ તેમને શ્રદ્ધાંજલિ આપતા પંક્તિ કરી હતી કે, "તમારા જીન્સ જીવે છે વ્હાલા, જીવશે બ્લુ લગનને પેલે પાર ઝાઝેરા જુવાર."

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સંસારમાં એવા કાર્યો કરવા જોઈએ જેથી દરેકને સુખ, શાંતિ અને પ્રસન્નતા મળે.

- ઋગ્વેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૧૦, તા.૮ નવેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૨૩, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, ઐન્દ્ર યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૦૧, સૂ.અ.૬:૦૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), રાત્રે ૨:૦૧ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. મિલન-મુલાકાત સફળ થાય.
વૃષભ:સ્વભાવમાં ઉગ્રતા રહે. આકસ્મિક મુસાફરી થાય.
મિથુન:નવિન કાર્યમાં સફળતા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવી પડે.
કર્ક: લાભની આશા ઠગારી નીવડે. ગુપ્ત ચિંતા સતાવે.
સિંહ: પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કન્યા: વ્યર્થ ખર્ચપર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.
તુલા: આકસ્મિક ધન લાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.
વૃશ્ચિક:વાહન-જમીનથી લાભ થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
ધન: માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
મકર: સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.
કુંભ: ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.
મીન: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.

# બીએસએફે સરહદે મધપૂડા લગાવવાનું હવે શરૂ કર્યુ

**પ્રથમ યોજના નાદિયા જિલ્લાના સરહદી વિસ્તારમાં શરૂ , ભારત-બાંગ્લાદેશ સરહદે દાણચોરી રોકવા નવી તરકીબ**

નવી દિલ્હી, તા.૮

ભારત-બાંગ્લાદેશ સરહદે દાણચોરી સહિત અન્ય ગુનાખોરીને રોકવા માટે એક નવી રીત અપનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ) ના જવાનોએ સરહદે મધમાખીઓના મધપુડા લગાવવાનું શરૂ કરી દીધું છે. વરિષ્ઠ અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર આ પ્રકારની પ્રથમ યોજના નાદિયા જિલ્લાના સરહદી વિસ્તારમાં શરૂ કરાઈ છે. આ અનોખા પ્રયોગની મદદથી સરહદે સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરાશે. તેની સાથે સ્થાનિક



લોકોને રોજગારી પણ મળશે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની સરહદની વાત કરીએ તો તેની લંબાઈ આશરે ૪૦૯૬ કિલોમીટર છે. જેમાંથી ૨૨૧૭ કિ.મી. લાંબી સરહદ પશ્ચિમ બંગાળ સાથે જોડાયેલી છે. આ પ્રોજેક્ટ માટે બીએસએફને આયુષ મંત્રાલયની પણ મદદ મળી રહી છે. મંત્રાલય બીએસએફને મધપુડા અને મિશ્ર ધાતુથી બનેલા સ્માર્ટ ફેન્સ પર યોગ્ય રીતે તેને બેસાડવા માટે યોગ્ય માહિતી પૂરી પાડી છે. અધિકારીઓએ કહ્યું હતું કે મધમાખીઓના મધપુડા લગાવવાની પરિકલ્પના બે નવેમ્બરે શરૂ થઈ હતી. નાદિયા જિલ્લામાં સરહદી વિસ્તારોમાં ઢોરઢાંખર, સોનું, ચાંદી અને નશીલા પદાર્થોની દાણચોરી જેવા અપરાધોનો ખતરો વધુ છે. અહીં પહેલાથી નશીલા પદાર્થોની તસ્કરી જેવા અપરાધનો ખતરો વધુ છે. અહીં એવા ઘણાં કેસ સામે આવ્યા હતા જ્યારે તસ્કરોએ ફેન્સ કાપીને ઘૂસણખોરી કરી હતી. મધમાખીના મધપુડા આ વાડને કાપવાનો પ્રયાસ કરનારા દાણચોરોને જડબાતોડ જવાબ આપી શકશે.

# આંગણવાડી અને તેડાગર બહેનોની ચીમકી : દિવાળી પહેલાં સરકાર અમારા પ્રશ્નો નહીં ઉકેલે તો ઉપવાસ આંદોલન કરાશે

અમદાવાદ, તા.૮

આંગણવાડીના કાર્યકર અને તેડાગર મહિલાઓને સરકારી કર્મચારીનો દરજ્જો આપવા સહિતની ૧૮ જેટલી માંગણીઓને લઈને સરકાર દ્વારા પ્રતિભાવ નહીં અપાતા અપાયેલા હડતાલના એલાનના ૧૦ દિવસ બાદ પણ કોઈ નિરાકરણ આવ્યું નથી. ત્યારે ગાંધીનગર જિલ્લાની ૯૫૧ આંગણવાડીની કર્મચારી મહિલાઓ દ્વારા રાંધેજામાં એકત્ર થઈને સરકાર દ્વારા દિવાળી પહેલા પ્રશ્નો ન ઉકેલાય તો ઉપવાસ આંદોલન છેડવાની જાહેરાત કરવામાં આવી હતી. આંગણવાડીના કાર્યકર અને તેડાગર મહિલાઓ દ્વારા રાજ્ય વ્યાપી હડતાલ કરવામાં આવી છે. પરંતુ સરકારી તંત્ર તરફથી જાણે તેની કોઈ નોંધ લેવામાં આવી રહી નથી. જેના પગલે ગાંધીનગરના રાંધેજા ગામે યોજવામાં આવેલા વિરોધ કાર્યક્રમમાં જિલ્લાભરની કર્મચારી મહિલાઓ ઉમટી પડી હતી. જિલ્લા પ્રમુખ સીતાબેને કહ્યું કે આંગણવાડી કાર્યકરોને સરકારી કર્મચારી તરીકેનો દરજ્જો આપવા ઉપરાંત લઘુતમ વેતન ધારાનો અમલ, આંગણવાડીનો સમય સવારે ૧૦થી ૩નો કરવા અને તેના પહેલા કે ત્યાર બાદ કોઈ કામગીરી નહીં સોંપવા, ૪૫ વર્ષની વય મર્યાદાનો નિયમ રદ કરવા, ખાલી જગ્યાઓ તાત્કાલીક ભરવા, આઈસીડીએસ સિવાયની કામગીરી લેવાની પ્રથા બંધ કરવા, અન્ય ખાતામાંથી



આવેલા કાર્યકર્તાની સિનીયોરિટી મુળ નોકરીમાં હાજરથયાની તારીખથી જ ગણવા, અન્ય વિભાગને સોંપવા, રજીસ્ટર અથવા મોબાઈલ એપ બેમાંથી એક જ પદ્ધતિનો અમલ કરવાની સાથે કાર્યકરોના પર્સનલ મોબાઈલનો સરકારી કામમાં ઉપયોગ કરવાનો દુરાગ્રહ છોડવા સહિતની માંગણીઓ સરકાર સમક્ષ કરવામાં આવી છે. આ ઉપરાંત નોટિસ કે બચાવની તક આપ્યા વગર પગાર કાપની એકતરફી કાર્યવાહી બંધ કરવા અને દર મહિને ૧થી ૮ તારીખ સુધીમાં પગાર કરવાની વ્યવસ્થા ગોઠવવા સહિતની માંગણીઓ સંબંધે દિવાળી પહેલા સરકાર નિર્ણય નહીં લે તો ઉપવાસ આંદોલનની ચીમકી અપાઈ હતી.

# પુરતા જ્ઞાન સહાયકો ન મળે ત્યાં સુધી પ્રવાસી ચાલુ રાખવા સંચાલક મંડળ દ્વારા માંગણી કરાઈ

## માધ્યમિકમાં પણ અમુક વિષયમાં ઉમેદવારો મળ્યા ન હોવાના પગલે રજૂઆત કરાઈ

અમદાવાદ, તા.૮

રાજ્યની શાળાઓમાં જ્ઞાન સહાયકની ફાળવણી કરવામાં આવી છે પરંતુ અમુક વિષયના ઉમેદવારો ન મળવાના કારણે શિક્ષણ ઉપર અસર પડતી હોવાનું કારણ આગળ ધરી પ્રવાસી શિક્ષકોથી કામ ચલાવવા ભલામણ કરવામાં આવી છે. જ્યાં સુધી આ વિષયોના જ્ઞાન સહાયકો ન મળે ત્યાં સુધી પ્રવાસી શિક્ષકો ચાલુ રાખવા જણાવાયું છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટના જિલ્લા ઘટક મંડળો તરફથી મળેલી રજૂઆતોના પગલે શિક્ષણ વિભાગને પત્ર લખી ભલામણ કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતી ૧ નવેમ્બર, ૨૦૨૩થી કરવામાં આવી છે. રાજ્યમાં ૫,૯૮૦ જ્ઞાન સહાયકોની જગ્યાઓ અને જરૂરીયાત પણ છે. રાજ્ય સરકાર દ્વારા અંદાજે ૫ હજાર જ્ઞાન સહાયકો ફાળવવામાં આવ્યા છે. જેથી અંદાજે રાજ્યમાં ૧ હજાર જેટલા જ્ઞાન સહાયકો ઓછા ફાળવવામાં આવ્યા છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવી છે. જેમાં હજુ રાજ્યની શાળામાં ૧,૮૦૦થી વધુ ઉમેદવારો નોકરીમાં હાજર થયા ન હોવાનું સામે આવ્યું છે. પસંદગીની શાળા- શહેરતાલુકો કે જિલ્લો ન મળવાથી આ જ્ઞાન સહાયકો હાજર થયા નથી. આ સ્કૂલોમાં વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર અસર ન થાય તે માટે પ્રવાસી શિક્ષકો ફાળવવા જોઈએ તેવી લાગણી ઉભી થવા પામી છે. રાજ્યમાં ૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ની સ્થિતીએ અંદાજે એક હજાર જેટલા શિક્ષકો નિવૃત્ત થયા છે. આમ રાજ્યની ઘણી બધી શાળાઓમાં જ્ઞાન સહાયકો મળ્યા નથી અને હજુ પણ જ્ઞાન સહાયકોની તૂટ છે. ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોના ઉમેદવાર ન મળવાથી શાળાના બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે. તેવા સંજોગોમાં જ્યાં સુધી જ્ઞાન સહાયકો પુરા ન અપાય ત્યાં સુધી જે શાળામાં પ્રવાસી શિક્ષકો કામ કરી રહ્યા છે તેમને ચાલુ રાખવા જોઈએ તેવી સંચાલક મંડળે માગણી કરી છે. શિક્ષણ વિભાગ દ્વારા હાયર વિભાગમાં જ્ઞાન સહાયક આપ્યા નથી ત્યાં પ્રવાસી શિક્ષક ચાલુ રાખવા જોઈએ તેવી પણ માગણી કરાઈ છે.


# દિવાળીના પગલે ગુજરાતની સરહદો ઉપર પોલીસ તપાસ વધી

## બંને પાડોશી રાજ્ય રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ચૂંટણીને કારણે ગુજરાત પોલીસની વિશેષ તકેદારી

અમદાવાદ,તા.૮

રાજ્યભરમાં દિવાળીના તહેવારો અને બંને પડોશી રાજ્યોમાં ચૂંટણી હોવાના કારણે બોર્ડરની સુરક્ષા વધારવામાં આવી છે. જેના પગલે સાબરકાંઠામાં દિવાળીના તહેવારોને અનુલક્ષીને બોર્ડર ઉપર પોલીસ કાફલો ખડકાવી દેવામાં આવ્યો છે. તેમજ નશીલા પદાર્થની હેરાફેરી માટે પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તમામ વાહનોનું સંપૂર્ણ રીતે તપાસ કરવામાં આવી રહી છે. ગુજરાત રાજસ્થાન સરહદ ઉપરની રાણી બોર્ડરો ઉપર પોલીસ દ્વારા વાહનોનું ચેકીંગ હાથ ધરવામા આવ્યુ હતું. જો કે દિવાળીના તહેવારોમાં રાજસ્થાનમાંથી જુદા માર્ગો ઉપર જુદી જુદી ચેક પોસ્ટો દ્વારા ગુજરાતમાં દારૂ સહિતના નશીલા પદાર્થોની હેરાફરી અટકાવવા વિજયનગર અને રાજસ્થાની જોડતી રાણી ચેકપોસ્ટ ઉપર પોલીસ અને હોમગાર્ડ જવાનો ચેકિંગ હાથ ધર્યુ હતું. વિજયનગર તાલુકામાં આવેલી ગુજરાત-રાજસ્થાન સરહદ ઉપરની રાણી બોર્ડરો ઉપર પોલીસ કાફલો ખડકી દેવાયો છે. આ દરમ્યાન વાહન આવતા જતાં વાહનોનું ચેકીંગ હાથ ધરાયું છે. પોલીસ દ્વારા ચાલી રહેલા વાહન ચેકિંગને લઈ નશીલા પદાર્થોની હેરાફરી કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી રાજ્યમાંથી પ્રતિબંધિત ડ્રગ્સ અને દારૂનો જથ્થો મોટા પ્રમાણમાં ઝડપાઈ રહ્યા છે, તે કારણે અને રાજ્યના યુવાધનને નશાના રવાડે ચઢાવવાના ષડયંત્રને નાકામ કરવા માટે પોલીસ તમામ મોરચે સજ્જ છે.

# અન્ય શહેરોની સરખામણીએ દિલ્હીમાં બાળકોમાં કેન્સરનું પ્રમાણ વધુ; શું વાયુ પ્રદૂષણ છે જવાબદાર ?



નવી દિલ્હી, તા.૮

**હવાના પ્રદૂષણમાં શ્વાસ લેવો અત્યંત જોખમી, વ્યક્તિના સ્વાસ્થ્યને પડી શકે ગંભીર અસર**

ભારતની રાજધાની નવી દિલ્હીમાં પ્રદૂષણને કારણે, છેલ્લા અઠવાડિયાથી જાહેર આરોગ્યની ચિંતાઓ ગંભીર રીતે વધી ગઈ. અહીં ઘણા લોકો સતત ઉધરસ, શરદી, શ્વાસ સંબંધી સમસ્યાઓ, અસ્થમા અને અન્ય જીવલેણ રોગોથી પીડાતા હોવાનું જાણવા મળ્યું છે. નિષ્ણાતોના મત અનુસાર, વાયુ પ્રદૂષણના સંપર્કમાં આવવાથી દરેક વ્યક્તિના સ્વાસ્થ્યને અસર થઈ શકે છે. કારણ કે પ્રદુષિત વાયુમાં શ્વાસ લેવો અત્યંત જોખમી બની શકે છે. પ્રદૂષકો લોહીના પ્રવાહમાં પ્રવેશ કરે એટલે અને ઉધરસ થાય અથવા આંખોમાં ખંજવાળમાં આવે છે. જેનાથી શ્વાસ અને ફેફસાના ઘણા રોગો થાય છે અથવા ખરાબ થાય છે.

**શું આ રોગ માટે વાયુ પ્રદૂષણ જવાબદાર છે ?**

નિષ્ણાતોના મતે કેસોની સંખ્યામાં વધારો થવા પાછળ હવાનું પ્રદૂષણ જવાબદાર હોઈ શકે છે.


**કેવી રીતે પ્રદૂષણ કેન્સરનું કારણ બને છે ?**

અમેરિકન એસોસિએશન ફોર કેન્સર રિસર્ચ અનુસાર, બાળકો, પુખ્ત વયના લોકો કરતાં વધુ ઝડપથી શ્વાસ લે છે અને વધુ પ્રદૂષકોને શોષી લે છે તેથી તેઓમાં જોખમ વધી જાય છે. હવાનું પ્રદૂષણ ફેફસાં, સ્તન, લીવર અને સ્વાદુપિંડના કેન્સર સાથે જોડાયેલું છે. અભ્યાસ કહે છે કે દિલ્હી જેવા સ્થળોની આસપાસ, લાંબા સમયથી સંપર્કમાં આવતી, સૂક્ષ્મ રજકણો, જે પર્યાવરણીય પ્રદૂષકોનું મિશ્રણ છે, તે પરિવહન અને વીજ ઉત્પાદનમાંથી આવે છે. આજુબાજુના સૂક્ષ્મ રજકણો ૨.૫ માઈક્રોમીટર કરતા ઓછો એરોડાયનેમિક વ્યાસ ધરાવે છે અને તેને P.M. 2.5 તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વભરના સંશોધન અભ્યાસો દર્શાવે છે કે વાયુ પ્રદૂષણના સંપર્કમાં તીવ્ર માયલોઇડ લ્યુકેમિયા અને નોન-હોજકિન લિમ્ફોમા સાથે સંકળાયેલ છે. બેન્ઝીન, NOX અને પાર્ટિક્યુલેટ મેટર જેવા પ્રદૂષકોને બાળપણના નોન-હોજકિન્સ લિમ્ફોમામાં ગુનેગાર તરીકે ઓળખવામાં આવે છે. જાન્યુઆરી જર્નલ નેચરમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં P.M.2.5 સ્તરના સંપર્કમાં અને બાળકોમાં એક્યુટ લિમ્ફોબ્લાસ્ટિક લ્યુકેમિયાના જોખમ વચ્ચે જોડાણ દર્શાવવામાં આવ્યું છે.

**અન્ય ઉત્તર ભારતીય શહેરોનો ડેટા**

૨૦૧૨ અને ૨૦૧૬ની વચ્ચે ૨૮ વસ્તીઆધારિત કેન્સર રજિસ્ટ્રી છે જે વધુ સારી રીતે કામ કરી શકી નથી. પંજાબના પટિયાલામાં, કેન્સરની નોંધણીમાં દર મિલિયન છોકરાઓ ઉપર ૧૨૧.૨ કેસ નોંધાયા છે. ભારતના પશ્ચિમ કિનારા ઉપરનું મુંબઈ, જે પણ હાલમાં પ્રદૂષણની ઝપેટમાં છે, તે દસમાં સ્થાને છે. ૦-૧૪ વર્ષની વયની છોકરીઓના કિસ્સામાં, આ સંખ્યા પ્રતિ મિલિયનમાં ૧૨૫.૪ છે. પૂર્વ ખાસી હિલ્સ જિલ્લામાં ૧૨.૧ છે. દિલ્હીની સરખામણીમાં પટિયાલા પ્રતિ મિલિયન ૭૪ કેસ સાથે નવમા સ્થાને છે. ડેટા દર્શાવે છે કે દિલ્હીમાં પણ લ્યુકેમિયાના કેસોની સંખ્યા વધુ છે. પ્રતિ મિલિયન ૮૪.૨ છોકરાઓ, ૦થી ૧૪ વર્ષની વય વચ્ચે અસરગ્રસ્ત છે, તેની સરખામણીએ મેઘાલયમાં માત્ર ૭.૩ પ્રતિ મિલિયન.છોકરીઓ માટે, આ સંખ્યા પ્રતિ મિલિયન ૪૭.૨ કેસ છે.

# રશિયાએ પરમાણુ ક્ષમતા ધરાવતી બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું



(એજન્સી) તા.૮

એક તરફ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને બીજી તરફ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે પણ ભીષણ યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. દરમ્યાન રશિયાની પરમાણુ સંચાલિત સબમરીન ઈમ્પેરેટર એલેકઝાન્ડર-૩ એ પરમાણુ શસ્ત્રો લઈ જવામાં સક્ષમ બુલાવા બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બેલિસ્ટિક મિસાઈલ ટેસ્ટિંગ એ પરીક્ષણનું અંતિમ તત્વ છે, ત્યારબાદ ક્રુઝરને નેવીમાં સામેલ કરવા અંગે નિર્ણય લેવામાં આવશે. રાષ્ટ્રપતિ પુતિન પરમાણુ શક્તિમાં સતત વધારો કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે આ બધુ સુરક્ષા સંબંધિત ખતરાનો સામનો કરવા માટે અમે કરી રહ્યા છીએ. જ્યારથી પુતિને યુક્રેન ઉપર હુમલો કર્યો છે ત્યારથી રશિયા અને પશ્ચિમી દેશો વચ્ચેના સંબંધો નીચા સ્તરે પહોંચી ગયા છે. રશિયા દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, આ મિસાઈલને રશિયાના ઉત્તરી કિનારે સફેદ સમુદ્રમાં પાણીની અંદર છોડવામાં આવી હતી. ઈન્ટરકોન્ટિનેન્ટલ મિસાઈલે રશિયાના દૂર પૂર્વમાં કામચાટકા દ્વીપકલ્પ પરના લક્ષ્યને સચોટ રીતે નિશાન બનાવ્યું હતું. આ દરમ્યાન મિસાઈલે હજારો કિલોમીટરનું અંતર કાપ્યું હતું. જો કે, મંત્રાલયે એ જણાવ્યું નથી કે આ પરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું હતું. બોરેઈ ક્લાસ સબમરીન ૧૬ બુલાવા મિસાઈલ અને આધુનિક ટોર્પિડો વોરહેડ્સથી સજ્જ છે. રશિયન મીડિયાએ જણાવ્યું કે પુતિને ડિસેમ્બરમાં ઈમ્પેરેટર એલેકઝાન્ડર ૩ સબમરીન લોન્ચ કરવાના સમારોહમાં હાજરી આપી હતી. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર નેવી પાસે બોરી ક્લાસની ત્રણ પરમાણુ સંચાલિત સબમરીન છે. એકનું પરીક્ષણ પૂર્ણ થયું છે. ત્રણ હાલમાં નિર્માણાધીન છે. બુલાવા મિસાઈલની વાત કરીએ તો તે ૧૨ મીટર લાંબી છે, જેની રેન્જ લગભગ ૮૦૦૦ કિમી છે. તે પોતાની સાથે ૬ પરમાણુ હથિયારો લઈ જઈ શકે છે. આ રશિયન નેવીની મોટી તાકાત છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગુરૂવારે વૈશ્વિક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ માટે રશિયાના સમર્થનને રદ કરતા બિલ ઉપર હસ્તાક્ષર કર્યા. મોસ્કોએ કહ્યું કે અમેરિકા સાથે સમાનતા સ્થાપિત કરવા માટે આ પગલું જરૂરી છે. પુતિને જણાવ્યું હતું કે વ્યાપક પરમાણુ-પરીક્ષણ-પ્રતિબંધ સંધિ, જેને CTBT તરીકે પણ ઓળખવામાં આવે છે તેના માટે સમર્થન રદ કરવું એ અમેરિકા દ્વારા લેવામાં આવેલા વલણને "પ્રતિબિંબિત" કરશે, જેણે પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ ઉપર હસ્તાક્ષર કર્યા છે પરંતુ સંસદે તેને મંજૂરી આપી નથી. રશિયન સંસદના બંને ગૃહોએ ગયા મહિને બિલની રશિયાની મંજૂરીને રદ કરવા માટે મતદાન કર્યું હતું.

# આંતરરાષ્ટ્રીય સમુદાયે પેલેસ્ટીનમાં તાત્કાલિક યુદ્ધવિરામ લાગુ કરવો જોઈએ : પ્રિયંકા ગાંધી

નવી દિલ્હી તા.૮

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ તાજેતરમાં વિશ્વના નેતાઓ ઉપર પેલેસ્ટીનમાં હજારો લોકોના નરસંહાર માટે નાણાં પોષણ કરવાનો આરોપ લગાવ્યો અને માંગ કરી કે આંતરરાષ્ટ્રીય સમુદાયે ત્યાં તાત્કાલિક યુદ્ધવિરામ લાગુ કરવો જોઈએ. ઈઝરાયેલનું નામ લીધા વિના અથવા સ્વતંત્ર વિશ્વના કોઈપણ દેશનું નામ બતાવ્યા વિના તેમણે સ્થિતિને ભયાવહ બતાવી અને જણાવ્યું કે લગભગ ૧૦,૦૦૦ નાગરિકોનો નરસંહાર કરવામાં આવ્યો છે. આ શબ્દોથી અલગ ભયાવહ અને શરમજનક છે કે લગભગ ૧૦,૦૦૦ નાગરિકો જેમાંથી લગભગ ૫,૦૦૦ બાળકો છે. તેમનો નરસંહાર કરવામાં આવ્યો છે. સંપૂર્ણ પરિવારને સમાપ્ત કરી દેવામાં આવ્યો છે. હોસ્પિટલો અને એમ્બ્યુલન્સો ઉપર બોમ્બમારો કરવામાં આવ્યો છે. શરણાર્થી શિબિરોને નિશાન બનાવવમાં આવ્યા અને તેમ છતાં કે તથાકથિત નેતા તેમણે એક્સ ઉપર પોસ્ટમાં જણાવ્યું ‘‘આઝાદ વિશ્વ પેલેસ્ટીનમાં નરસંહારનું નાણાં પોષણ અને સમર્થન કરવાનું જારી રાખશે’’. કોંગ્રેસ નેતાએ આ પણ જણાવ્યું કે સંઘર્ષ વિરામ સૌથી નાનું પગલું છે. જેને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા તાત્કાલિક લાગુ કરવું જોઈએ. નહિંતર તેનો કોઈ નૌતિક અધિકાર બચશે નહીં. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે ઈઝરાયેલી યુદ્ધ વિમાનોએ રવિવારે સવારે ગાઝા પટ્ટીમાં એક શરણાર્થી શિબિર ઉપર હુમલો કર્યો જેમાં ૩૩ લોકો મૃત્યુ પામ્યા અને ડઝનો ઘાયલ થયા.

# નેપાળમાં ભૂકંપથી મોટા ભાગના મકાનો ધરાશાયી થયા પછી હજારો લોકોએ બહાર સૂઈ જવું પડે છે

(એજન્સી) તા.૮

૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ નેપાળના જાજરકોટમાં આવેલા ભૂકંપ બાદ મકાનો ધરાશાયી થયા હતા. ૧૫૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. આ ભૂકંપમાં ઓછામાં ઓછા ૧૫૭ લોકો માર્યા ગયા છે અને મોટાભાગના ઘરોને નુકસાન અથવા નાશ થયા પછી ઉત્તર-પશ્ચિમ નેપાળના પર્વતોમાં હજારો ગ્રામવાસીઓ રાત્રે ઠંડીમાં બહાર સૂઈ જાય છે. ચિઉરી ગામના રહેવાસી લાલ બહાદુર બિકાએ અગ્નિસંસ્કાર માટે સફેદ કપડામાં લપેટાયેલા ૧૩ મૃતદેહો તરફ ઈશારો કરતા કહ્યું કે, અમે અમારા ગ્રામજનોના મૃતદેહોના અગ્નિસંસ્કારની રાહ જોઈ રહ્યા છીએ અને ભૂકંપમાં ઘાયલ થયેલા લોકોની સંભાળ લેવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. રવિવારે સવારે. ચિખરી ગામમાં મોટાભાગના મકાનો ધરાશાયી થયા હતા. લોકો પોતાને ઠંડીથી રક્ષણ માટે પ્લાસ્ટિકની ચાદર અને જૂના કપડાનો ઉપયોગ કરીને રાત્રિ માટે આશ્રયસ્થાન માટે જે મળે છે તેનો ઉપયોગ કરે છે. મોટાભાગના લોકો કાટમાળ નીચેથી પોતાનો સામાન બહાર કાઢવામાં અસમર્થ છે. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, મોટાભાગના માર્યા ગયેલા લોકો કાટમાળ નીચે કચડાઈ ગયા હતા. તેમના ઘરો સામાન્ય રીતે ખડકો દ્વારા બનાવવામાં આવ્યા હતા અને ભૂકંપના આંચકાથી તૂટી પડ્યા હતા. બચાવકર્તાઓ મદદ માટે દોડધામ કરી રહ્યા છે. ઘણા પર્વતીય ગામો સુધી પગપાળા જ પહોંચી શકાય તેમ છે અને તેમની કામગીરીમાં અવરોધ આવે છે. ભૂકંપના કારણે ભૂસ્ખલન થતાં રસ્તાઓ પણ બંધ થઈ ગયા હતા. સૈનિકો અવરોધિત રસ્તાઓને સાફ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. નાયબ વડાપ્રધાન નારાયણ કાજી શ્રેષ્ઠે જણાવ્યું હતું કે સરકાર અસરગ્રસ્ત વિસ્તારોમાં સહાય આપવાનો પ્રયાસ કરી રહી છે. હજારો લોકો બેઘર બન્યા હોવાથી તંબુઓ, ખોરાક અને દવાની અછત છે. પ્રાદેશિક હોસ્પિટલમાં લાવવામાં આવેલા બિમલ કુમાર કાર્કીએ જણાવ્યું હતું કે, હું સૂઈ રહ્યો હતો ત્યારે અચાનક જ મકાન ધ્રૂજવા લાગ્યું. મેં દોડવાનો પ્રયત્ન કર્યો પણ આખું ઘર પડી ગયું. મેં છટકી જવાનો પ્રયાસ કર્યો પરંતુ મારૂં અડધું શરીર કાટમાળમાં દટાઈ ગયું, મેં ચીસો પાડી, પરંતુ મારા દરેક પડોશીઓ પણ સમાન પરિસ્થિતિમાં હતા અને મદદ માટે ચીસો પાડી રહ્યા હતા. બચાવકર્તાઓએ મને શોધી કાઢ્યો અને તેઓને લગભગ અડધા કલાકથી એક કલાક જેટલો સમય લાગ્યો હતો. હોસ્પિટલમાં અન્ય એક ઘાયલ વ્યક્તિએ પણ કહ્યું કે જ્યારે તે ઊંઘી રહ્યો હતો ત્યારે તે દબાઈ ગયો હતો. હું ઊંઘી રહ્યો હતો અને રાત્રે લગભગ ૧૦ કે ૧૧ વાગે મકાન ધ્રૂજવા લાગ્યો અને ઘર પડી ગયું. ઘણા ઘરો ધરાશાયી થયા છે અને ઘણા લોકો દટાઈ ગયા હતા.

# સરકારે મહાદેવ બેટિંગ સહિત ૨૨ ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ્સને બ્લોક કરવા માટે ઓર્ડર જારી કર્યા

નવી દિલ્હી તા.૮

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MEITY) એ મહાદેવ બુક સહિત ૨૨ ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ્સ અને વેબસાઈટ્સ સામે બ્લોક કરવાના આદેશો જારી કર્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ સિન્ડિકેટ સામે હાથ ધરવામાં આવેલી તપાસ અને છત્તીસગઢમાં મહાદેવ બુક પરના દરોડા, એપની ગેરકાનૂની કામગીરીનો ખુલાસો થયા પછી આ કાર્યવાહી કરવામાં આવી છે. મહાદેવ એપના સ્થાપકોએ વોટ્સએપ ગ્રુપ્સ અને કોલ સેન્ટર્સ દ્વારા પેનલ દીઠ લાખો રૂપિયાની કમાણી કરી છે. મહાદેવ બુકના માલિકો હાલમાં કસ્ટડીમાં છે, તેમની મની લોન્ડરિંગના ગુના માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની કલમ ૧૯ હેઠળ ધરપકડ કરવામાં આવી છે, જે PMLA, ૨૦૦૨ની કલમ ૪ હેઠળ સજાપાત્ર છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રાજ્ય મંત્રીએ કહ્યું કે છત્તીસગઢ સરકાર પાસે સેકન્ડ 69A આઈટી એક્ટ હેઠળ વેબસાઈટ/ એપને બંધ કરવાની ભલામણ કરવાની તમામ સત્તા છે. જો કે, તેઓએ તેમ કર્યું નથી અને રાજ્ય સરકાર દ્વારા આવી કોઈ વિનંતી કરવામાં આવી નથી જ્યારે તેઓ છેલ્લા ૧.૫ વર્ષથી તેની તપાસ કરી રહ્યા છે. હકીકતમાં, ઈડી તરફથી પ્રથમ અને એકમાત્ર વિનંતી મળી છે અને તેના ઉપર કાર્યવાહી કરવામાં આવી છે. છત્તીસગઢ સરકારને આવી જ વિનંતીઓ કરવાથી કંઈપણ રોકી શકે નહીં. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનો આરોપ છે કે છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ મહાદેવ એપ કૌભાંડમાં સીધા લાભાર્થી હતા. એજન્સીએ ગુરૂવારે ધરપકડ કરાયેલા આરોપી અસીમ દાસની તેની તપાસને ટાંકીને કહ્યું કે શ્રી અસીમ દાસે સ્વીકાર્યું કે તે છત્તીસગઢના શાસક રાજકીય અધિકારીઓને પહોંચાડવા માટે રૂ. ૫ કરોડ લઈ રહ્યો હતો. તેણે તેના નિયંત્રણમાંથી જપ્ત કરાયેલી રોકડ માટે અંતિમ પ્રાપ્તકર્તા તરીકે છત્તીસગઢના ‘ભૂપેશ બઘેલ’ સીએમનું નામ આપ્યું હતું. તેમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે દાસ UAE તરફથી શાસક કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી ખર્ચ માટે મોટી માત્રામાં રોકડ પહોંચાડવા માટે મોકલવામાં આવેલ રોકડ કુરિયર હતા. EDએ દાવો કર્યો કે પૂછપરછ દરમ્યાન દાસે કહ્યું કે મહાદેવ એપના ‘‘ટોચ મેનેજમેન્ટ’’ લોકોમાંથી એક શુભમ સોની ઉર્ફે પિન્ટુએ તેને ૫.૩૯ કરોડ રૂપિયા રોકડા આપ્યા અને તેને મુખ્યમંત્રીના સહયોગીઓને સોંપવા કહ્યું હતું. તેણે માહિતી આપી કે તેને ખાસ કરીને તાજેતરમાં દુબઈ બોલાવવામાં આવ્યો હતો અને પછી રોકડ પહોંચાડવા માટે ચોક્કસ સૂચનાઓ સાથે પાછો મોકલવામાં આવ્યો હતો. તેને મહાદેવ બુક એપના સહયોગીઓ પાસેથી રોકડ મળી હતી અને તેને ‘બઘેલ’ના સહયોગીઓને આ રકમની ડિલિવરી માટે આગળના નિર્દેશોની રાહ જોઈને હોટેલ ટ્રાઈટનના હોટેલ રૂમ નંબર ૩૧૧માં રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું. એજન્સીએ દાવો કર્યો હતો કે અસીમ દાસ પાસેથી જપ્ત કરાયેલા ફોનમાંથી મળેલા ફોરેન્સિક અને ડિજિટલ પુરાવા પણ તેમના દ્વારા કરવામાં આવેલા આરોપોને સમર્થન આપે છે. બીજી બાજુ, બઘેલે, ED ઉપર આ મહિને યોજાનારી ચૂંટણી પહેલા તેમની છબીને ખરાબ કરવા માટે દુર્ભાવનાપૂર્ણ પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો.

### છેલ્લા દોઢ વર્ષથી બી ડીવીઝન પોલીસ સ્ટેશનના

# પ્રોહીબીશનનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોડ



જૂનાગઢ તા. ૮

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સીધા માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જીલ્લા તેમજ બહારના જિલ્લાના તેમજ બહારના રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનના ગુનાના કામે નાસતા-ફરતા પકડવાના બાકી હોય તેવા આરોપીઓ શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના આપેલ હોય જે અન્વયે લોકલ ક્રાઈમ બ્રાન્ચ પો.ઈન્સ. જે.જે.પટેલની સુચના મુજબ પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ વાય.પી. હડીયા તથા સ્કવોડના માણસો હ્યુમન અને ટેકનીકલ સોર્સના માધ્યમથી સતત પ્રચનશીલ હોય, દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડ જૂનાગઢની ટીમના એએસઆઈ ઉમેશભાઈ વેગડા, પો.હેડ કો. પુનાભાઈ હૂણ,પો.કો. દિનેશભાઈ છૈયાનાઓને સંયુક્ત બાતમી મળેલ કે જૂનાગઢ જિલ્લાના બી-ડીવી. પો.સ્ટેના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી કપીલ ઉર્ફે કમલેશભાઈ મોહનભાઈ પંજાબી (ઉ.વ ૩૨), રહે. રાજકોટ પોપટપરા શેરી નં-૧૫ વાળો હાલ તેના રહેણાંક મકાને હોય તેવી હકિકત મળતા તાત્કાલીક પેરોલ ફર્લો સ્કવોડની ટીમને રવાના કરી બાતમી વાળી જગ્યાએ જઈ ખાત્રી કરી આરોપીને તેના રહેણાંક મકાનેથી શોધી કાઢી હસ્તગત કરી જૂનાગઢ બી-ડીવી પો.સ્ટેશનને ઉપરોક્ત ગુન્હાના કામે આગળની કાર્યવાહી અર્થે સોપવામાં આવેલ છે.

આ કામગીરીમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પોલીસ ઈન્સપેકટર જે.જે.પટેલ, પેરોલ ફર્લો સ્કવોડના પો.સ.ઈ. વાય.પી.હડીયા, એ.એસ.આઈ. ઉમેશભાઈ વેગડા, પો.હેડ.કો. પુનાભાઈ હુણ, પો.કો. દનેશભાઈ છૈયા હે.કો. જયેશભાઈ બામણીયા, વુમન પો.કો.સેજલબેન આલાભાઈ વગેરે જોડાયા હતા.

# આવતીકાલે રમા એકાદશી સાથે વાઘ બારસ

આવતીકાલ તા.૯-૧૧-૨૩ ને ગુરૂવારે આસો વદ અગીયારસના દિવસે રમા એકાદશી છે. સાથે વાઘબારસ પણ છે. આ દિવસથી દિપાવલીના મહાપર્વની શરૂઆત થશે.

રમા એકાદશીનું વ્રત કરવાથી એકાદશીના નામ મુજબ લક્ષ્મી અને ધનની તથા સુખ અને વૈભવની પ્રાપ્તિ થાય છે. રમા એકાદશીના દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી ત્યારબાદ સૌપ્રથમ સુર્યને અર્ઘ આપવું અને ત્યારપછી તુલસીની પૂજા કરવી અને એક બાજોઠ અથવા પાટલા ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર ચોખા રાખી અને લક્ષ્મી વિષ્ણુ ભગવાનની છબી રાખવી અને તેનું પૂજન કરવું. નેવૈદ્યમાં કેળા ખાસ ધરવા, ત્યારબાદ એકાદશીની કથા વાંચવી, બપોરના સમયે સુવું નહીં, સાંજના ભગવાનનું કિર્તન કરવું, ઉપવાસ અથવા એકટાણું રહેવું, રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું. રમા એકાદશીના દિવસથી અયોધ્યાવાસીઓને શ્રીરામ ભગવાનના સમાચાર મળેલા. આથી આ દિવસથી રંગોળી કરવાની શરૂઆત થયેલી. આમ રામ ભગવાનના વખતથી રમા એકાદશીના દિવસથી બેસતા વર્ષ સુધી લોકો રંગોળી કરે છે. ગુરૂવારે જ વાઘબારસ મનાવાશે. આ દિવસે ગાયની પૂજાનું મહત્વ વધારે છે. ગાયને શણગાર કરવો, ગાયને ઘાસ નાખવું, પ્રદક્ષિણા કરવી, આ દિવસે જો પતિ-પત્ની બંને સાથે ભેગા મળી અને વિષ્ણુ લક્ષ્મીજીનું પૂજન કરે તો દાંમ્પત્યજીવનમાં મીઠાશ આવે છે. શ્રીકૃષ્ણ ભગવાનના જન્મ પછી આજ દિવસે યશોદા માતાએ ભગવાનને ગાયના દર્શન કરાવેલા. આ દિવસે કોઈપણ મહિલા અથવા પુરૂષ પોતાના પરિવારની સુખ શાંતિ માટે ઉપવાસ અથવા એકટાણું રહી શકે છે. આમ આ દિવસે ઉપવાસ રહેવાથી રમા એકાદશી અને વાઘ બારસ બંને તહેવારોનું ફળ મળશે.

– શાસ્ત્રી રાજદીપ જોષી

### જુલાઈ ૨૦૨૩ સુધીમાં ગુજરાતમાં 1002 CNG સ્ટેશન છે

# ૧.૧ હજારથી વધુ CNG સ્ટેશન સાથે ગુજરાત દેશમાં ટોચ ઉપર

અમદાવાદ, તા. ૮


વર્ષ ૨૦૭૦ સુધીમાં દેશના કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાર્થક કરવાની દિશામાં ગુજરાતની એક સક્રિય ભાગીદારી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પર્યાવરણને અનુકૂળ નીતિઓ દ્વારા આર્થિક વિકાસ તરફ રાજ્ય અગ્રેસર છે. પરિણામે, ગુજરાત પ્રદૂષણ મુક્ત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ગુજરાત પ્રદૂષણ મુક્ત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ઝCNG સ્ટેશનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટૉપ પર પહોંચી ગયું આજે, CNG સ્ટેશનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટૉપ પર પહોંચી ગયું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર જુલાઈ ૨૦૨૩ સુધીમાં, ગુજરાતમાં ૧૦૦૨ CNG સ્ટેશન છે, જેનું નેટવર્ક રાજ્યના ૩૩ જિલ્લાઓને આવરી લે છે. CNG સ્ટેશનની સંખ્યામાં ગુજરાત બાદ ઉત્તરપ્રદેશ (૮૧૯), મહારાષ્ટ્ર (૭૭૮), રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ક્ષેત્ર (કેન્દ્રશાસિત પ્રદેશ - ૪૮૦) અને હરિયાણા (૩૪૯) છે. જુલાઈ ૨૦૨૩ સુધીમાં ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ




૫૮૯૯ સ્ટેશન છે, જેમાંથી ૧૭ ટકા જેટલા ગુજરાતમાં છે. આ તમામ આંકડા પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (PNGRB) દ્વારા અપડેટ કરવામાં આવ્યા છે. PNGRBએ અપડેટ કરેલા આંકડા અનુસાર, જુલાઈ ૨૦૨૩ સુધીમાં ભારતમાં કુલ ૧,૧૪,૪૬,૬૪૬ ઘરગથ્થુ પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) કનેક્શન છે, જેમાંથી ગુજરાતની સંખ્યા ૩૦,૭૮,૧૬૨ છે. તે સિવાય રાજ્યમાં ૨૨,૭૨૨ વ્યવસાસિક અને ૫૭૩૩ ઔદ્યોગિક કનેક્શન છે. ઉલ્લેખનીય છે કે PNGRB દ્વારા કંપનીઓને દેશમાં અમુક ભૌગોલિક વિસ્તારો CNG સ્ટેશન બનાવવા માટે ફાળવવામાં આવે છે. એટલે ઘણી વખત ફાળવેલ વિસ્તારો બે રાજ્યોની સરહદની આસપાસમાં હોવાથી, યાદીમાં તે વિસ્તારનો બે રાજ્યો સાથે ઉલ્લેખ કરવામાં આવે છે.

### આ બાબતોનો કરે છે વિરોધ

# ઈરાનની જેલમાં ભૂખ હડતાળ પર છે નોબેલ પુરસ્કાર વિજેતા



ઈરાન,તા. ૮

નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા નરગીસ મોહમ્મદીનું નામ આ દિવસોમાં ચર્ચામાં છે. નરગીસ મોહમ્મદી ઈરાનની જેલમાં નજરકેદ છે. જ્યાંથી તેણે મહિલા અધિકારો માટે અવાજ ઉઠાવવા ભૂખ હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. નરગીસ મોહમ્મદીએ દેશમાં મહિલાઓ માટે હિજાબ ફરજિયાત બનાવવાના વિરોધમાં ભૂખ હડતાલ પર જવાનો નિર્ણય કર્યો છે અને સાથે જ જેલમાં અન્ય કેદીઓને આપવામાં આવતી તબીબી સુવિધાઓ બંધ કરી દેવામાં આવી છે. ખરેખર, જેલમાં બંધ નરગીસ મોહમ્મદીની તબિયત નાદુરસ્ત છે. આવી સ્થિતિમાં તેને તબીબી સંભાળની જરૂર છે, પરંતુ ઈરાનના જેલ પ્રશાસને તેને હોસ્પિટલ લઈ જવાની ના પાડી દીધી કારણ કે નરગીસે ??હોસ્પિટલમાં જવા માટે હિજાબ પહેરવાની ના પાડી દીધી હતી. જેના વિરોધમાં તેણે હવે જેલમાં જ ભૂખ હડતાળ શરૂ કરી છે.. નરગીસના પરિવારને ટાંકીને માહિતી આપતાં, ફ્રી નરગીસ મોહમ્મદીના એક કાર્યકર, જે નરગીસ મોહમ્મદીને મુક્ત કરાવવા માટે અભિયાન ચલાવી રહ્યા છે, જણાવ્યું હતું કે નરગીસે એવિન જેલમાંથી તેના પરિવારને એક સંદેશ મોકલીને જાણ કરી હતી કે તે ભૂખ હડતાલ પર છે. નરગિસ હૃદય અને ફેફસાની સમસ્યાથી પીડાઈ રહી છે, જેના કારણે તે અને તેના વકીલ લાંબા સમયથી હોસ્પિટલમાં દાખલ થવાની માંગ કરી રહ્યા છે. અહીં થોડા દિવસો પહેલા નરગીસના પરિવારે પણ તેની બીમારીની જાણકારી આપી હતી. આ હોવા છતાં, ઈરાન જેલ પ્રશાસને તેણીને માત્ર એટલા માટે હોસ્પિટલમાં લઈ જવાની ના પાડી દીધી કારણ કે તેણીએ હિજાબ પહેર્યો ન હતો. પરિવાર દ્વારા આપવામાં આવેલા નિવેદનને ટાંકીને કહેવામાં આવી રહ્યું છે કે ભૂખ હડતાળ પર બેઠેલી નરગીસ જેલમાં માત્ર પાણી, ખાંડ અને મીઠું જ લઈ રહી છે, તેણે દવા લેવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે. તેમનું કહેવું છે કે જો નરગીસને જેલમાં કંઈ થશે તો તેના માટે ઈસ્લામિક રાષ્ટ્ર જવાબદાર રહેશે.. મળતા સમાચાર અનુસાર, નરગીસ મોહમ્મદી જેલમાં બે વસ્તુઓનો વિરોધ કરી રહી છે. પ્રથમ, જેલમાં બીમાર કેદીઓને સારવારમાં વિલંબ કરવાની અને તેમને સુવિધાઓ ન આપવાની ઈરાનની નીતિ, જેના કારણે કેદીઓ મૃત્યુ પામી રહ્યા છે, આ સાથે, નરગીસનો બીજો વિરોધ ઈરાની મહિલાઓ માટે હિજાબ ફરજિયાત બનાવવાની નીતિ સામે છે. દરમિયાન નોર્વેની નોબેલ કમિટીએ નરગીસ મોહમ્મદીના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી છે. સમિતિના વડા બેરીટ રીસ એન્ડરસનનું કહેવું છે કે હોસ્પિટલમાં દાખલ થવા માટે મહિલા કેદીઓ માટે હિજાબ પહેરવાનું ફરજિયાત બનાવવું એ અમાનવીય અને નૈતિક રીતે અસ્વીકાર્ય છે. આ સાથે તેમણે કહ્યું કે નરગીસે ??જેલની સ્થિતિને ઉજાગર કરવા માટે શેરડીની હડતાળ શરૂ કરી છે. નોર્વેજીયન નોબેલ સમિતિએ ઈરાની પ્રશાસનને વિનંતી કરી છે કે તેઓ નરગીસ અને અન્ય મહિલા કેદીઓને તાત્કાલિક જરૂરી તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવે.. નોંધનીય છે કે માત્ર એક મહિના પહેલા જ નરગીસ મોહમ્મદીને તેમના વર્ષો જૂના અભિયાન માટે નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. નરગિસ હિજાબને ફરજિયાત બનાવવાના સરકારના નિર્ણય વિરુદ્ધ અભિયાન ચલાવી રહી છે. તેની સામે વાંધો વ્યક્ત કરતાં ઈરાન સરકારે તેની ધરપકડ કરીને જેલમાં ધકેલી દીધો છે. તમને જણાવી દઈએ કે નરગીસ મોહમ્મદી માનવાધિકાર કાર્યકર્તા છે, તેમના પતિ તાગી રહેમાની પણ એક સામાજિક કાર્યકર છે. તે ઘણી વખત જેલ પણ જઈ ચુક્યો છે.

નરગીસ મોહમ્મદી છેલ્લા ૩૦ વર્ષથી લોકોના હિત માટે પોતાનો અવાજ ઉઠાવી રહી છે. આ જ કારણ છે કે તેને ઘણી વખત ધરપકડનો સામનો કરવો પડ્યો હતો. વિરોધના કારણે તેને ૧૫૪ કોરડા મારવાની સજા પણ ફટકારવામાં આવી છે. તેની સામે અન્ય કેસ પેન્ડિંગ છે.

# આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા માનસિક દિવ્યાંગો માટે સ્વનિર્ભર પ્રોત્સાહન કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા. ૮

શ્રી આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા તા.૬-૧૧-૨૩ સોમવારના રોજ રેડક્રોસ હોલમાં માનસિક દિવ્યાંગો માટેનો સ્વનિર્ભર પ્રોત્સાહન કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે કમિશ્નર રાજેશભાઈ તન્ના પધારેલ હતા. કમિશ્નર રાજેશ તન્ના દ્વારા સંસ્થાની વિઝીટ કરવામાં આવેલ હતી. સંસ્થાની કાર્યપ્રણાલી જોઈ તેઓ ખુબજ પ્રભાવિત થયા હતા. આશાદીપમાં સારવાર અને તાલીમ લેતા માનસિક દિવ્યાંગો દ્વારા આશરે ૩૫,૦૦૦ થી વધુ દિવડા બનાવવામાં આવેલ અને વેંચાણ પણ કરવામાં આવેલ છે. આ વેંચાણનો તમામ નફો દિવ્યાંગોને તેમના કામના પ્રમાણ મુજબ વહેંચી આપવામાં આવે છે. આ આવક વિતરણનો મુખ્ય કાર્યક્રમ હતો જેમાં ૩૫ દિવ્યાંગોની વચ્ચે રૂા.૩,૧૦,૦૦૦ જેવી માતબર રકમની વહેંચણી કરવામાં આવી અને ૬ વાલીઓ અને બે સાયકોલોજીના સ્ટુડન્ટસનું પણ દિવ્યાંગોએ બનાવેલી વસ્તુઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અતિથીઓ કમિશ્નર રાજેશ તન્ના, ડી.ડી.એન. બારમેડા, ડો.સીમા પીપલીયા, ડો.જયશ્રીબેન વેકરીયા, મનસુખભાઈ વાજા, ડો.પી.જે. બુચ, કલ્પિત નાણાવટી, વિજયાબેન લોઢીયા, ડો.સોહમ બુચ, જીઈબીના કાર્યપાલક ઈજનેર, રશ્મીબેન વિઠ્ઠલાણી, કુમુદબેન ઠાકર, દિપ્તીબેન, ભાવિશાબેન દેકીવાડીયા, બટુકભાઈ જોષી, દિપેનભાઈ જોષી વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. આશરે ૧૫૦ જેટલા લોકોની હાજરીમાં આ આવક વિતરણનો કાર્યક્રમ યોજાયેલ હતો. આ આવકથી દિવ્યાંગોના ઘરમાં પણ દિવાળીનો ઝગમગાટ અને તેઓએ કમાયેલા રૂપિયાથી પરિવારે પણ આનંદની અનુભુતી દર્શાવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમ આશાદીપ મેનેજીંગ ટ્રસ્ટી ડો.બકુલ બુચના નેજા અને માર્ગદર્શન હેઠળ ગોઠવાયેલ હતું. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પુર્ણાબેન હેડાવએ કરેલ હતું. અને તેમની ટીમના રમેશભાઈ, પુનમબેન, હિતેષભાઈ, અલ્કાબેન, અમીતભાઈ, રસીકભાઈ, તૃપ્તીબેન વગેરેએ આ દિવડાના પ્રોજેકટને પરીપુર્ણ કરવા તનતોડ મહેનત કરી દિવ્યાંગોને આવકનું ઉપાર્જન કરાવેલ છે.

# સરકાર ગ્રાહકોને ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત આટાનું વેચાણ કરશે

નવી દિલ્હી, તા.૮

ઘઉંના ભાવમાં વધારો થયા બાદ લોટના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને સરકારે સામાન્ય લોકોને સસ્તા ભાવે લોટ આપવાનો નિર્ણય કર્યો છે. આ દિશામાં સરકારે આજથી ભારતીય લોટને સસ્તા ભાવે વેચવાનો નિર્ણય લીધો છે. સરકાર ગ્રાહકોને ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત આટાનું વેચાણ કરશે. ભારત બ્રાન્ડ નામ હેઠળ લોટ વેચવા માટે, કેન્દ્રીય ખાદ્ય અને ગ્રાહક બાબતોના પ્રધાન પીયૂષ ગોયલે રાજધાનીના ડ્યુટી રૂટ પર ૧૦૦ મોબાઈલ વાનને લીલી ઝંડી આપી છે. ભારત આટા ૨૭.૫૦ રૂપિયામાં વેચાશે. આ મોબાઈલ વાન ઉપરાંત, ભારત અટ્ટા સેન્ટ્રલ સ્ટોર પર ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત સરકારી એજન્સીઓ NAFED અને NCCF પણ આ સસ્તો લોટ ગ્રાહકોને ઉપલબ્ધ કરાવશે. આવી સ્થિતિમાં સરકારે સામાન્ય લોકોને સસ્તા ભાવે ભારત બ્રાન્ડના નામથી લોટ વેચવાનો નિર્ણય લીધો છે એવું માનવામાં આવે છે કે ભારત અટ્ટા ગ્રાહકોને સસ્તા ભાવે લોટ આપવામાં મદદ કરશે. આના દ્વારા લોટના વધતા ભાવને પણ અંકુશમાં લઈ શકાશે. ઘઉંના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને, સરકારે ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ કેન્દ્રીય ભંડાર, ACCF અને NAFED જેવી એજન્સીઓને ૨૧.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ૨.૫ લાખ ટન ઘઉં ઉપલબ્ધ કરાવ્યા છે, જેને લોટમાં રૂપાંતરિત કરીને વેચવામાં આવે છે. ભારત આટા બ્રાન્ડના નામ હેઠળ રૂ. ૨૭.૫૦ પ્રતિ કિલોના ભાવે ગ્રાહકોને સસ્તો લોટ ઉપલબ્ધ કરાવવો જોઈએ. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે આ પ્રસંગે કહ્યું કે સરકારના હસ્તક્ષેપને કારણે આવશ્યક ચીજવસ્તુઓની કિંમતો પર નિયંત્રણ રાખવામાં મદદ મળી છે. તેમણે કહ્યું કે અગાઉ સરકારે ટામેટા અને ડુંગળીના ભાવને અંકુશમાં લેવા માટે ઘણા પગલાં લીધાં હતાં. તેમણે કહ્યું કે સરકાર પહેલાથી જ ગ્રાહકોને ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત દાળ વેચી રહી છે. છૂટક બજારમાં ઘઉંના ભાવમાં વધારો થયા પછી, સરકારે ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ માર્ચ ૨૦૨૪ સુધીમાં તેના સ્ટોકમાંથી ૧૦૧.૫ લાખ ટન ઘઉં વેચવાનું નક્કી કર્યું છે. ગયા વર્ષે સરકારે ૫૭ લાખ ટન ઘઉંનું વેચાણ કર્યું હતું. જો જરૂરી હોય તો સરકાર માર્ચ ૨૦૨૪ સુધીમાં બજારમાં ૨૫ લાખ ટન વધુ ઘઉંનું વેચાણ કરી શકે છે.

# વિમલ આઈસક્રીમ ઉત્સવ ઉપહાર ઓફર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાતની નં ૧ પ્રાઈવેટ ડેરી વિમલ ડેરી લિમિટેડ દિવાળીના તહેવારો નિમિત્તે પ્રસ્તુત કરે છે. વિમલ "ઉત્સવ ઉપહાર" આઈસક્રીમ ઓફર જેમાં કેસર, હની અને આલ્મન્ડથી સમૃધ્ધ વિમલ રોયલ ગોલ્ડ કેસર હની આલ્મન્ડ આઈસક્રીમ (૭૫૦ મિલી ટબ)સાથે ૧ નંગ ફેબલ કાર્ટીયર ઈન્સ્યુલેટેડ કેસરોલ (૨૫૦૦ મિલી) જેની સંયુક્ત કિંમત રૂા.૭૨૪/- થાય છે તે ફક્ત રૂા.૨૯૯માં જાહેર જનતા તથા વિમલ આઈસક્રીમના ચાહકો માટે ઉપલબ્ધ છે. વર્ષોવર્ષ વિમલ આઈસક્રીમ ઉત્સવ ઉપહારને અદભુત પ્રતિસાદ સાંપડ્યો છે. બહોળો વર્ગ દિવાળીમાં વિમલ આઈસક્રીમ ઉત્સવ ઉપહાર ઓફરનો આતુરતાથી રાહ જોતો હોય છે. મનમોહક સ્વાદમાં વિમલ આઈસક્રીમ ૫૦થી વધુ ફ્લેવર્સમાં કંપ, કેન્ડી, કોન, પાર્ટીપેક, નોવેલ્ટીઝ, સન્ડે આઈસક્રીમ, આઈસક્રીમ કેક જેવી વિશાળ




શ્રેણી ઉપરાંત વિમલ દૂધ, બટરમિલ્ક, દહીં, લસ્સી, બટર, ગાય અને ભેંસનું શુદ્ધ ઘી, પનીર, ખોયા, ચીઝ (પ્રોસેસ્ડ /મોઝરેલા), ફ્લેવર્ડ મિલ્ક, મિલ્ક પાવડર, ડેરી વ્હાઈટનર જેવી ડેરી પ્રોડક્ટ્સ તથા વિમલ ફ્રેશ નમકીન, વેફર્સ, ટેસ્ટીક્સ, ફ્રાયમ્સ અને ચીક્કી અવનવી વેરાયટીઝમાં ઉપલબ્ધ છે.

# પેલેસ્ટાઈનમાં ૨૩ વર્ષમાં મૃત્યુ પામેલા લોકો કરતાં વધુ છેલ્લા એક મહિનામાં દફનાવામાં આવ્યા

પેલેસ્ટાઈન,તા.૮

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને આજે એક મહિનો પૂર્ણ થયો છે. ૭ ઓક્ટોબરે હમાસે અચાનક ઈઝરાયેલ પર હુમલો કર્યો. ત્યારથી બંને પક્ષો વચ્ચે યુદ્ધ ચાલુ છે. ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં ૧૦ હજારથી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. છેલ્લા ૨૩ વર્ષમાં એટલા બધા પેલેસ્ટિનિયન મૃત્યુ પામ્યા નથી, તેના કરતા વધુ લોકોને આ ૩૦ દિવસમાં દફનાવવામાં આવ્યા હતા.. ઈઝરાયેલના હુમલાને કારણે ગાઝાના ઘણા વિસ્તારો ખંડેરમાં ફેરવાઈ ગયા છે. ગાઝામાં સર્વત્ર ચીસો અને શોક છે. સર્વત્ર વિનાશ દેખાય છે. તે જ સમયે, હમાસના હુમલામાં ઈઝરાયેલમાં ૧૪૦૦ થી વધુ લોકોના મોત થયા છે. જો આપણે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેના અગાઉના સંઘર્ષને જોઈએ તો આ યુદ્ધનો સૌથી ખરાબ તબક્કો છે. ઈઝરાયલે ગાઝામાં કોઈને પણ છોડ્યા ન હતા. શાળાઓ, હોસ્પિટલો અને મસ્જિદો તમામ તોડી પાડવામાં આવી હતી.. વાસ્તવમાં, ઈઝરાયેલની સ્થાપના પછી, પેલેસ્ટાઈન સાથે ઘણા યુદ્ધો થયા, પરંતુ છેલ્લા ૨૩ વર્ષમાં માર્યા ગયેલા લોકો કરતાં વધુ લોકો આ એક મહિનામાં માર્યા ગયા. ઈઝરાયલ હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશનના ડેટા અનુસાર ૨૦૦૦થી ૨૦૨૩ સુધીમાં ૧૦ હજારથી વધુ પેલેસ્ટાઈનના મોત થયા છે જ્યારે ૧૩૩૦ ઈઝરાયેલના મોત થયા છે. તાજેતરના યુદ્ધમાં ૧૦,૦૨૨ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. સાથે જ છેલ્લા ૧૫ વર્ષના આંકડાઓ પર નજર કરીએ તો ૨૦૦૮થી ૨૦૨૩ સુધીમાં ૬૪૦૭ પેલેસ્ટાઈનની હત્યા કરવામાં આવી છે.

